RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# અંજાર મધ્યે સમૂહ શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ મહોત્સવ















યુ.કે. સ્ટેનમોર વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ તથા અભિષેક દર્શન તથા રાજોપચાર વિધિ



ભુજ સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ તથા રાધાકૃષ્ણદેવ - ચંદનવાઘા દર્શન



ગાયો માટે લીલા ઘાસચારાનું વિતરણ કરતાં
સાં.યો. બાઈઓ, નારણપર (ની.વાસ)



રાપર (વાગડ)નો વાર્ષિક પાટોત્સવ અભિષેક દર્શન



અમદાવાદ શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિભુવન પાઠ વાસ્તુ પુજન

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| રૂા.૧૫૦ | વાલબાઇ પ્રેમજી ભીમજી વરસાણી પરિવાર | માધાપર | અ.નિ.પ્રેમજીભાઇનીબીજી પુણ્યતિથિ નિમિત્તે |
| રૂા.૧૫૦ | જયેશભાઇ લાલજી પ્રેમજી વરસાણી હ.શાન્તાબેન | માધાપર | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | દક્ષાબેન પ્રવિણભાઇ હિરાણી | સુરજપર,હાલે લંડન | જન્મદિવસનિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| રૂા.૨૦૦ | અ.નિ.વેલીબેન દેવજી વોરા,હ.પૌત્ર કિશન | માધાપર | અ.નિ.વેલીબેનના મોક્ષાર્થે ભેટ |
| રૂા.૧૫૧ | ઓમકારભાઇ વી.ભટ્ટ | રવાપર | જશુમતિબેનના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | જસુબેન મનજી શિયાણી | ભકિતનગર માનકુવા | યાત્રા નિર્વિઘ્ને થતાં શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦૦ | લાલજીભાઇ નારાણ જેસાણી | દહીંસરા | કથા પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | ભરત ધનજી માવજી કારા | દહીંસરા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૫૦૦ | નારાણ રામજી પાંચાણી<br>ધ.પ.રતનબેન,પુત્ર સંજય,<br>ધ.પ.નીતા,પુત્રી નિહારીકા નારાણ | દહીંસરા હાલે લંડન | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | નારાણભાઇ વિશ્રામભાઇ ભગત | રવાપર | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૫૦૦ | મંજુબેન કાન્તિભાઇ | બળદીયા હાલે લંડન | સુપુત્રી ચિ.નીતાના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાતાર્થે ભેટ. |
| રૂા.૧૦૧ | શ્રી માણકી રોડલાઇન્સ હ.રમેશભાઇ | નારાણપર | શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | રમેશ લાલજી કેરાઇ | નારાણપર | શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | કિશોર લાલજી કેરાઇ | નારાણપર | શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | મિતેશ રમેશભાઇ કેરાઇ | નારાણપર | શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૧ | શિવાની રમેશભાઇ કેરાઇ | નારાણપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૨૦૧ | રમેશ મનજીભાઇ વેલાણી | સુખપર | નવીબાઇક ખરીદી તે નિમિતે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૨૦૦ | મનોજ શિવજીભાઇ પિંડોરીયા-માધાપર | હાલે નૈરોબી | મનોજ, કલ્પનાબેન ચિ.નિક્ષીને લંડન જવાનો વિઝા મળતાં શ્રી હરિ પ્રસન્નાતાર્થે. |
| રૂા.૧૦૦૦ | સાં.યો.નાનબાઇ વાલજી પિંડોરીયા | સામત્રા | સામત્રા કથા પ્રસંગે ભેટ. |
| રૂા.૧૫૧ | હરજી કરસન કેરાઇ | કોડકી | અ.નિ.સાં.યો.ગોરબાઇ ફઇની પુણ્ય સ્મૃતિમાં |
| રૂા.૫૦૦ | નાનજી હીરજી માધાપરીયા,હ.ધ.પ.દેવુબાઇ | માધાપર | તેમને ૬૦ વર્ષ પૂર્ણથતાં જન્મદિવસ નિમિતે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ. |
| રૂા.૫૦૦ | સાચા પ્રફુલભાઇ માધાપરીયા હ.દાદી દેવુબાઇ | માધાપર હાલે બોલ્ટન | જન્મ દિવસ નિમિતે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | હસ્તીબેન ભાવેશભાઇ પોકાર | દયાપર હાલે સૂરત | જન્મદિવસ નિમિતે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૨૫૧ | ક્રિષ્નાબેન અરવિંદભાઇ ભાવાણી | ઇન્દોર | શ્રી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના ગૌરવરૂપ ક્રિષ્નાબેન ભાવાણી ઇલેકટ્રોનીક એન્ડ કોમ્યુનીકેશન ઇન્જીનીયરીંગમાં કુલ પાંચ સેમિસ્ટરમાં ફર્સ્ટ કલાસ આવ્યા તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ. |
| રૂા.૧૦૧ | પ્રેમજીભાઇ લક્ષ્મણભાઇ વરસાણી | ગોધરા(માંડવી) | યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૫૦૦ | અ.નિ.રાધાબાઇ ગાંગજી રૂડા-દબાસીયા | માધાપર | કથા પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા હાલે લંડન | દોહિત્ર દિલનના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા હાલે લંડન | દોહિત્ર જેમિનીના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૦૦ | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા હાલે લંડન | દોહિત્રી નતાશાના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૧૫૧ | રૂપશીભાઇ ધનજીભાઇ ખુશીયા | વિલેપાર્લે મુંબઇ | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ. |
| રૂા.૧૫૧ | મહેન્દ્ર પ્રેમજી પિંડોરીયા | માધાપર | સુપુત્રી ચિ.શીતલ બી.એસ.સી.માં ફર્સ્ટ કલાસ ઉતીર્ણ થતાં શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ. |
| રૂા.૫૦૦ | સાં.યો.પ્રેમીલાબાઇ તથા નંદુબાઇ | ઘડાની | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ પ્રસાદીના મંદિરમાં કથા નિમિત્તે ભેટ. |
| રૂા.૧૦૦૦ | અ.નિ.સામજીભાઇ માવજી શિયાણી,<br>હ. ધ.પ.ગં.સ્વ.અમરબાઇ સામજી શિયાણી | ભકિતનગર | તેમના મોક્ષાર્થે ભુજમાં બંને મંદિરમાં કથા પારાયણ પ્રસંગે ભેટ શ્રી હરિ પ્રસન્નાતાર્થે. |
| રૂા.૧૨૫ | ચિંતન પ્રેમજી હીરજી હાલાઇ | સુરજપર | ચિ.ચિંતનના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાતાર્થે ભેટ |
| રૂા.૫૦૧ | વાલબાઇ નારાણ વિશ્રામ વરસાણી | સામત્રા | ઓપરેશન સફળતા પૂર્વક થતાં તે નિમિત્તે શ્રી હરિ કૃપાર્થે ભેટ |
| રૂા.૨૦૦ | લાલજી દેવજી ગોરસીયા | માધાપર | નવી બાઇક ખરીદી નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાતાર્થે ભેટ. |

## તપયજ્ઞનું વિશિષ્ટ પર્વ : ચાતુર્માસ

બાળમિત્ર. અષાઢ સુદ ૧૧થી ચાતુર્માસનો પ્રરંભ થાય છે.

નિયમ લેવાનું ભુલતા નહિ. કોઇ પણ એક,બે નિયમ જરુર લેવાં શિક્ષાપત્રીમાં કહેલા આઠ નિયમો અને વિશેષમાં આ પણ નિયમો લઇ શકાય. ચાતુર્માસ કોરો ન જવા દેવો.

૧. મંદિરમાં રોજ ૬ દંડવત્ અને ૧૧ પ્રદિક્ષણા કરવી.
૨. દરરોજ આરતીમાં અને શ્રી ઘનશ્યામ બાલ મંડળની સભામાં જવું.
૩. દરરોજ પૂજા કરવી- ૫ માળા કરવી- એક કિર્તન બોલવું.
૪. સ્વામિનારાયણ વાંચનમાળાની એક વાર્તા વાંચવી.
૫. બજારનું કંઇ પણ ખાવું પીવું નહિ.
૬. રાત્રે સુતી વખતે ઘનશ્યામમહારાજનાં ૧૦ નામો યાદ કરવા.
૭. ટી.વી.માં કોઇ પણ ફિલ્મ જોવી નહિ.
૮. એકાદશી કે પૂનમના ભુજ દર્શન કરવા જવું.
૯. એકાદશીના ઉપવાસ કે એકટાણું કરવું.
૧૦.ઘરમાં દરેક સભ્યને જય સ્વામિનારાયણ કહેવા.

### શબ્દરચના

શ્રીજીમહારાજે વિચરણ કરેલાં કેટલાક ગામોના નામ અહીં આપેલા છે તે ખાલી મુકેલા ખાનામાં યોગ્ય અક્ષર મુકી નામ પૂર્ણ કરો.

| | | | |
|---|---|---|---|
| ગ | ઢ | પુ | ર |
| કા | લ | વા | ળી |
| કં | થ | કો | ટ |
| પી | પ | લા | ણા |
| જૂ | ના | ગ | ઢ |
| વ | ડ | તા | લ |
| મા | નુ | ક | વા |
| જે | ત | પુ | ર |
| કા | રી | યા | ણી |

| | | | |
|---|---|---|---|
| વિ | જા | પુ | ર |
| વ | ડો | દ | રા |
| શે | ખ | પા | ટ |
| સ | ર | સો | દ |
| વાં | કા | ને | ર |
| મ | છી | યા | વ |
| ધ | મ | ડ | કા |
| બ | ળ | દી | યા |
| શ્રી | ન | ગ | ર |


| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ★ | મા | ગ | રો | ળ | | | | રા | મ | પ | ર | ★ |
| | રા | જ | કો | ટ | ★ | ★ | ★ | સ | ર | ધા | ર | |
| | | અ | ગ | ત્રા | ઈ | ★ | ભુ | જ | ધા | મ | | |
| | | | | ★ | ★ | ★ | ★ | ★ | | | | |

**-: ગત જ્ઞાનસરિતાના જવાબો :-**

૭,૧૮૮૬,૪૯,૨,૧,પ્રેમાનંદ સ્વામી, જુનાગઢ જેઠ સુદ ૧૦, વૈશાખ વદ ૨, રામપર,મંદિર,કથા-કિર્તન

**ઉખાણાં:-** સૂર્ય-ચંદ્ર,રીંગડા, ૧૫,

### શબ્દરચના




**આડી ચાવી**

૧.તપયજ્ઞનું વિશિષ્ટ પર્વ.૪
૩.જે દિવસે અન્ન ખાવાથી પાપ લાગે.૪
૫.શ્રીકૃષ્ણએ કાલીનાગને...... દ્વીપમાં જવાનું કહ્યું.૪
૬.શ્રી રામનું કુળ.૪
૮.મગમાંથી બનાવવામાં આવતું એક મિષ્ટાન
૧૦. ધર્મપરિવાર,ધર્મકુળ-૪
૧૧.એકાદશીના દિવસે કરાતું વ્રત.૪
૧૫.ધુળેટીનો દિવસ એટલે.૪
૧૬.શ્રીકૃષ્ણ ભગવાનનાં પત્ની.૪
૧૭.ફ્રેશફ્રુટ,નવાફળો-૪
૧૮.ઇચ્છરામભાઇના પુત્ર.૪
૧૯.કાર્યની પૂર્ણાહુતિ,સમાપ્ત-૪

**ઉભી ચાવી**

૧.રાજોપચારનો એક ઉપચાર.૩
૨.ભોડો,સેલું-૩
૩.તીથી.૩
૪.અક્ષરધામનું તેજ.૩
૭.સો કૌરવોનું કુળ.૪
૯.વિઘ્નહરતા દેવ.૪
૧૦.મહારાજશ્રીને અપાતી ઉપમા.૬
૧૨.સંપ્રદાયનું એક શાસ્ત્ર.૬
૧૩.અધર્મનો નાશ કરવા ભગવાન લે છે.૪
૧૪.શ્રીકૃષ્ણનું જન્મ સ્થાન.૪

**સરનામું**

નામ.............................................................................................................................

ગામ ...................તાલુકો.................ઉંમર.......શાળા...........................................................

ધો...............મો.ન..................................

મંગલ બહુજ ધનવાન થઇ ગયો. હવે તેને લાકડાં કાપવા માટે જંગલમાં જવાની જરૂર ન રહી. આ જોઇને તેના પાડોશી કનુએ મંગલને પૂછયું, "મંગલ ! લાકડાં કાપવા માટે જંગલમાં કેમ જતાં નથી ?" સીધા-સાદા સ્વભાવના મંગલે બધી જ વાત સાચેસાચી કહી દીધી. લાલચુ કનુએ પણ સોના ચાંદીની કુહાડી મળે તેવા લોભથી પોતાની કુહાડી લઇને જંગલમાં ગયો. તેણે પણ તેજ ઝાડ પરથી લાકડાં કાપવા લાગ્યો. જાણી જોઇને કનુએ પોતાની કુહાડી નદીના પાણીમાં પાડી નાખી અને ઝાડ પરથી નીચે ઊતરીને રોવા લાગ્યો. જળદેવતા કનુને તેની લાલચનો દંડ દેવા માટે ફરી પ્રગટ થયા. કનુને પૂછીને જળદેવતાએ નદીના પાણીમાં ડૂબકી મારીને સોનાની કુહાડી બહાર કાઢી. સોનાની કુહાડી જોતાં જ તે બોલ્યો "આ જ મારી કુહાડી છે. દેવતા"

જળદેવતા કહ્યું : "તું ખોટું બોલે છે. આ તારી કુહાડી નથી." એમ કહી જળદેવતાએ સોનાની કુહાડી પાણીમાં ફેંકી દીધી અને પોતે અલોપ થઇ ગયા. ખોટી લાલચમાં પડવાથી કનુની પોતાની કુહાડી પણ ખોવાઇ ગઇ. તે રડતો-રડતો પોતાને ઘેર પાછો આવ્યો.

બાળ મિત્રો ! આ વાર્તામાંથી આપણે એવો બોધ લઇ કે હંમેશા સાચું બોલવું અને પ્રમાણિકતાથી હકની વસ્તું લેવી. આપણી વસ્તું ખોવાઇ જાય ને કદાચ ન મળેતો બીજાની વસ્તું પર નજર ન નાખવી.

# જ્ઞાનસરિતા

-: જ્ઞાનમાળા:-

૧. ભગવાન વેદ વ્યાસજીનો જન્મ કયા દિવસે થયો હતો ?
(અ) અષાઢ સુદ ૧૫ (બ) અષાઢ સુદ ૨
(ક) શ્રાવણ સુદ ૧૫ (ડ) શ્રાવણ વદ ૮

૨. ભગવાન વેદ વ્યાસજીના પિતાનું નામ શું હતું ?
(અ) મરીચિ (બ) પરાશર
(ક) અત્રિમુની (ડ) ગૌતમ ઋષિ

૩. શ્રી સ્વામિનારાયણ ભગવાને કયા દિવસે ઘરનો ત્યાગ કર્યો હતો.
(અ) જેઠ સુદ ૧૦ (બ) અષાઢ વદ ૨
(ક) અષાઢ સુદ ૧૦ (ડ) અષાઢ સુદ ૧૧

૪. મારો નવલ સનેહી ઝૂલે નાથ રે, નૌત્તમ હિંડોળે, આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ) પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. કયા વારે શ્રીસ્વામિનારાયણ ભગવાને ઘરનો ત્યાગ કર્યો હતો ?
(૧) શુક્રવાર (૨) બુધવાર
(૩) રવિવાર (૪) શનિવાર ?

૬. અષાઢ વદ ૭ સંવત્ ૧૮૩૮ના શ્રીહરિએ કઇ લીલા કરી હતી ?
(અ) નામકરણ (બ) કાલીદત્ત વધ
(ક) ચંદ્રદર્શન (ડ) કર્ણવેધ

૭. કોના નિર્ણયને અનુસરિને વ્રત અને ઉત્સવો કરવા ?
(અ) જગન્નાથજી (બ) તુલસીદાસજી
(ક) વિઠ્ઠલનાથજી (ડ) અંગ્રેજી વર્ષ

૮. સ,ગુ, મહંત ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) બળદીયા (બ) રામપર
(ક) સુખપર (ડ) ધુફૈ

૯. શિક્ષાપત્રીમાં ચાતુર્માસને વિષે વિશેષ લેવાના નિયમો કેટલા બતાવ્યા છે ?
(અ) ૧૧ (બ) ૮
(ક) ૧૨ (ડ) ૯

૧૦. અસમર્થ મનુષ્યએ કયા માસમાં વિશેષ નિયમો લેવા ?
(અ) કાર્તિક (બ) શ્રાવણ
(ક) ભાદરવો (ડ) અષાઢ



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી**

## સાચો કઠિયારો

એક નાનકડા ગામમાં મંગલ નામે બહુજ સીધો સાદો અને સાચા બોલો કઠિયારો રહે. તે બહુજ ગરીબ હતો. આખો દિવસ તે જંગલમાં સુકાં લાકડાં કાપતો અને સાંજે લાકડાંની ભારી બાંધીને બજારમાં વેચવા જતો. લાકડાં વેચીને જે પૈસા મળતા, તે કમાણીમાંથી તે પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવતો. તેને પોતાની મહેનતની કમાણીથી પૂરો સંતોષ હતો.

એક દિવસ મંગલ લાકડાં કાપવા માટે જંગલમાં ગયો. એક નદીના કિનારે આવેલા એક ઝાડની સૂકી ડાળી કાપવા માટે તે ઝાડ પર ચડયો.બન્યું એવું કે ઝાડની ડાળી કાપતાં તેની કુહાડી હાથામાંથી નીકળી ગઇ અને નદીના પાણીમાં પડી ગઇ. કાઠીયારો ઝાડ પરથી નીચે ઉતર્યો. પોતાની કુહાડી શોધવા માટે તેણે નદીના પાણીમાં ઘણી વાર ડૂબકી મારી, પરંતુ તેને કુહાડી જડી નહિ. આથી મંગલ દુઃખી થઇને નદીને કિનારે માથું પકડીને બેસી ગયો. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તે રડવા લાગ્યો, કારણકે તેની પાસે બીજી કુહાડી ખરીદવા માટે પૈસા જ ન હતા. લાકડાં કાપ્યા વિના તે પોતાના કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરશે, તેની ચિંતા તેને બહુ સતાવી રહી હતી.

કાઠીયારાની આવી દુઃખી દશા જોઇને જળદેવતાને બહુજ દયા આવી. એટલે જળ દેવતા એક બાળકના રૂપમાં તેની સામે પ્રગટ થઇ બોલ્યા- " ભાઇ ! તમે કેમ રડો છો ?"

મંગલ કઠીયારાએ જળદેવતાને વંદન કર્યા અને કહ્યું : " હે દેવ! આ ઝાડની ડાળી કાપતાં મારી કુહાડી નદીના પાણીમાં પડી ગઇ છે. બહુ શોધી પણ મળી નહિ, હવે. હું કુહાડી વગર લાકડાં કેવી રીતે કાપીશ અને લાકડાં વિના મારા બાલ-વચ્ચાંને કેવી રીતે ખવડાવીશ ?" જળદેવતાએ કહ્યું : રડો નહિ, નદીના પાણીમાંથી તમારી કુહાડી હું કાઢી આપું છું." જળદેવતાએ પાણીમાં ડૂબકી મારી અને એક સોનાની કુહાડી લઇને બહાર આવ્યા. મંગલને કહ્યું- "ભાઇ! તમારી કુહાડી આ રહી લ્યો."

મંગલે પોતાનું માથું ઊંચું કરીને જોયું અને કહ્યું :"દેવ આ તો કોઇ મોટા માણસની કુહાડી છે. હું તો એક ગરીબ માણસ છું સોનાની કુહાડી મારી પાસે કયાંથી આવે, જળદેવતાએ ફરીવાર ડૂબકી મારી અને નદીના પાણીમાંથી એક ચાંદીની કુહાડી લઇને બહાર આવ્યા અને મંગલને આપવા લાગ્યા. મંગલે કહ્યું :" હે દેવ! મારું નસીબ ફૂટેલું છે. આપે મારા માટે ખુબજ મહેનત કરી, પણ મારી કુહાડી મળી નહિ. મારી કુહાડી ખરેખર તો સાધારણ લોઢાની છે."

જળદેવતાએ ત્રીજીવાર ડૂબકી મારી અને મંગલની લોઢાની કુહાડી લઇને બહાર આવ્યા. આ જોઇને મંગલ બહુજ ખુશ થયો. મંગલે જળદેવતાને ધન્યાવાદ આપીને પોતાની કુહાડી લઇ લીધી. જળદેવતા કઠીયારાની સચ્ચાઇ તથા ઇમાનદારીથી ખુશ થયા. તેઓએ કહ્યું : "હું તમારી પ્રમાણિકતાથી પ્રસન્ન થયો છું માટે તમે આ બન્ને કુહાડીઓ પણ લઇ જાઓ.

સોનાની અને ચાંદીની કુહાડી મળવાથી

સતોત્ર પાઠ, વગેરે અર્પણ કરી રાજોપચાર પૂજનનો લાભ લીધો હતો. ત્યાર પછી ફૂલોથી ઘનશ્યામ માહારાજનો ભાઈઓ તથા બહેનોના મંદિરમાં અભિષેક કરવામાં આવ્યો હતો. પૂજાના અંતમાં, એક ભાઈઓની અને બીજી બહેનોની એમ બે પાલખીમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવીને વન વિહારની યાત્રા વાજીંત્રો સાથે વાજતે ગાજતે ધૂન કીર્તન તથા નાચતા કૂદતા કરવામાં આવી હતી. પછી મંદિરમાં પધરાવી અને સમાપ્તિની આરતી કથાના યજમાન તથા ઠાકરથાળીના યજમાનો સાથે રહી ને ઉતારી અને રાસ રમવામાં આવ્યો હતો. છેલ્લે જુદા જુદા પ્રસાદના યજમાનો દ્બારા સર્વને પ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

રવિવાર તા.૯.૦૬.૨૦૧૩ ના સવારના ૧૧.૦૦ વાગ્યે સંતોના આશીર્વાદ લઇ ગામો ગામથી પધારેલ અન્ય મંદિરના ટ્રસ્ટીઓનું સંતો દ્બારા ફૂલહારથી બિરદાવ્યા હતા. યજમાનશ્રીને પહેરામણી આપી હતી ત્યાર બાદ મંદિરના મંત્રી તથા પ્રમુખે આખા વર્ષ દરમિયાન જેજે સેવા કરી હોય તેની આભારવિધિ કરી પૂજારીને ભેટ આપીને પારાયણની ઉત્થાપન વિધિ કરી. કથા સમાપ્તિની સાથે મળી આરતી ઉતારી પ્રસાદ રૂપી ભોજન લીધું.

અહેવાલ :– ઉ.મંત્રી જાદવજી હિરાણી.

## શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન વિવિધ ઉત્સવોની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના પ.પૂ. મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ થી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડનમાં નીચે જણાવેલ ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા.૨૪.૩.૨૦૧૩ને રવિવારે પ.ભ.કુમાર શિવન રાજેશ હિરાણી પરિવાર ગામ : ઉ.સુખપર વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવાયેલ.

તા.૩૧.૩.૨૦૧૩ને રવિવારે પ.ભ.સંજયભાઇ વાલજી વરસાણી તથા દિસીતાબેન સંજયભાઇ વરસાણી પરિવાર ગામ:ઉ.સુખપુર વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૨૦.૪.૧૩ શનિવારે શ્રી રામ જન્મોત્સવ તેમજ શ્રી સ્વામિનારાયણ જયંતી ઉજવવામાં આવેલ. શુક્રવારે મળેલી સભામાં ઊંચો આંક આપીને યુવતી મંડળ દ્બારા શનિવારે સાંજે શ્રી સ્વામિનારાયણ જયંતી નિમિત્તે આરતી ઉતારવાનો લ્હાવો લીધો હતો. ગાન, તાન, ઝાંઝ ઝાકોળથી ધામધૂમથી ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ.

તા.૪.૫.૨૦૧૩ને શનિવાર પ.ભ.ભારતીબેન રામજી શીયાણી પરિવાર, પિતાશ્રી કુંવરજીભાઇ નાનજી ભુવા, માતૃશ્રી શાન્તાબેન કુંવરજી ભુવા, પ.ભ. વિનોદભાઇ કુંવરજી તથા સુપુત્ર શિવમના જન્મદિન નીમિત્તે તથા સારકભાઇ પ્રેમજી ગામી પરિવાર ગામ : ઉ.સુખપુર તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા.૧૨.૫.૨૦૧૩ને રવિવારે પ.ભ.ધનબાઈ હરજી કેરાઇ પરિવાર તથા દોઇત્રા કુમાર આયુષ નરેન્દ્ર કુંવરજી વેકરીયા પરિવાર ગામ બલદિયા વાળા તરફથી ઉત્સવ ઉજવવામાં આવેલ.

આજ દિવસે શ્રી રામ ભરોસે પણ ઠાકર થાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

અ.નિ. રામજીભાઇ હરજી ખેતાણી તથા સહ કુટુંબ પરિવારે પ્રભુ પ્રસન્નતાર્થે તથા તેમના સૌના અત્યંતિક કલ્યાણ અર્થે સહભાગી થયા હતા. આ પ્રસંગે શ્રી શતાનંદ મુની રચીત શ્રી હરિગીતા સપ્તાહ પારાયણ ગાવાનું નિર્ધાર્યું, જેના વકતા પદે ભુજ મંદિરથી પધારેલા સ.ગુ.પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી આદી વિદવાન સંતોએ વ્યાસાસને બીરાજીને સંગીતના સુર સાથે કથાનું અમૃતપાન કરાવ્યું. આ સપ્તાહ પારાયણ મહોત્સવની શરૂઆત રવિવાર તા.૦૨.૦૬.૧૩ ના સાંજના ૬.૩૦ વાગ્યે પોથીયાત્રાથી કરવામાં આવી જે આપણા મંદિરના પાછળના ચોગનમાંથી યજમાનો દ્વારા પૂજન કરી આરતી ઉતારી અને વાજીંત્રો સાથે હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે મંદિરમાં લાવી અને વ્યાસપીઠ ઉપર પધરાવામાં આવ્યા. કથા પારાયણનો શુભ પ્રારંભ સોમવાર તા.૦૩.૦૭.૧૩ ના સવારના ૯.૦૦ વાગ્યે કરવામાં આવ્યો, જેનું ભુજ મંદિરની વેબ સાઇડ Bhujmandir.org તથા શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરની વેબ સાઇડ Swaminarayansatsang.com ઉપર સાતે સાત દિવસ લાઇવ બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ નિમિતે દરરોજ મંગળવારથી શનિવાર સાંજના તથા રવિવારના સમાપ્તિ બાદ પ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું જેનો ઘણા ભકતોએ યજમાન પદે રહી લાભ લીધો હતો. શ્રી ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી મહાઅભિષેક બુધવાર તા.૦૫.૦૬.૧૩નાં સવારના ૭.૦૦ વાગ્યે ખૂબજ ઉત્સાહ પૂર્વક કરવામાં આવ્યો. ત્યાર બાદ મહારાજને અન્નકુટ થાળ જમાડવામાં આવ્યા, જેનો ભાગ્યશાળી ભકતોએ યજમાન પદે રહી લાભ લીધો હતો. સવારના કથા સત્ર બાદ ઠાકોરજીના તથા મંદિરના શિખર ઉપર ધામધૂમથી દવજ રોપણ કરવામાં આવ્યાં જેનો બે હરિભકતોએ લાભ લીધો હતો.

શનિવાર, તા.૦૮.૦૬.૨૦૧૩ અમાસ હતી. સ્ટેન મોર મંદિરમાં દર એકાદશી, હરિ જયંતી, પૂનમ તથા અમાસના મહાપૂજા કરવામાં આવે, એજ પ્રમાણે આજે અમાસ તથા આપણો પાટોત્સવ સાથે પવિત્ર બ્રહ્મનિષ્ટ સંતોની હાજરીમાં મહાપૂજા સવારના ૭.૦૦ વાગ્યે રાખવામાં આવી હતી જેમાં હરિભકત ભાઇઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. ત્યાર બાદ સવારના કથા સત્ર બાદ સવારના ૧૧ વાગ્યાથી ૪.૦૦ વાગ્યા સુધી ફન ડે તથા Well-being event day નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફન ડેની શરૂઆતમાં સર્વે સંતો, મશીનના દાતા તથા હરીભકતો દ્વારા નવા પીઝા મશીનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સર્વે નાના મોટા હરિભકતો રમત ગમત તથા બારબેકયુમાં જોડાઇને ૪ વાગ્યા સુધી આનંદ માણ્યો હતો. સાથે Well-being event dp„ Diabetes UK, Bowel Cancer UK, Asian Women's Cancer Group, Parkinson'UK, Acacia Homecare જેવી સંસ્થાઓએ લોકોને માર્ગદર્શન આપ્યું હતું.

**રાજોપચાર પૂજન :** સાંજના કથા બાદ ૬ વાગ્યે ભાઇઓના તેમજ બહેનોના સભાખંડમાં (યુરોપમાં પહેલી વાર) રાજોપ્ચાર પૂજનની શરૂઆત કરવામાં આવી જેના માટે બધા ભકતોએ પોતાનાં, પાડોશના બગીચામાંથી તથા બજારમાંથી હજારોની સંખ્યામાં ફૂલ એકત્ર કરી લાવ્યાં હતાં. સંતો દ્વારા વેદોકત મંત્રોચારથી ગણેશ પૂજન કરી, બન્ને ભાઇઓ તથા બહેનોના મંદિરમાં યજમાન તથા યુવકમંડળના બાળકોએ સાથે રહીને દર્પણ, વિંજળો, ચામર, શંખનાદ, છડી, કીર્તન, વાજીંત્ર, નૃત્ય, વચનામૃતવાંચન,

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – નાઈરોબી (વાર્ષિક જાહેર સભા)

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (ભુજ શ્રી નરનારાયણ દેવ તાબાનું) નાઇરોબી ની વાર્ષિક જાહેર સભા રવિવાર તા.૨૬.૫.૧૩ ના રોજ ભાઇઓના સભા મંડપના હોલમાં બોલાવવામાં આવેલ હતી. અદ્યક્ષ શ્રી અને મંત્રી શ્રી એ સર્વે હરિભકતો ને આવકાર આપ્યો હતો. સભાનું કાર્ય શરૂ કરતાં મંત્રી શ્રી એ ગત જનરલ સભાની મિનિટસ (નોંધણી)નું વાંચન કર્યું. સર્વ હરિભકતો એ એ નોંધ મંજૂર રાખતાં અદ્યક્ષ અને મંત્રી એ એ નોંધ ઉપર હસ્તાક્ષાર કર્યા હતા. ત્યાર બાદ મંદિરના ઓડિટર સુરેશભાઇ મેપાણીએ વર્ષ ૨૦૧૨ ની સાલના આવક–જાવક ના હિસાબો વાંચી સંભળાવ્યા હતા, અને વર્ષનું વાર્ષિક સરવૈયું પણ વાંચી સંભળાવ્યું. હાજર સદશ્યો એ હિસાબો મંજૂર રાખ્યા હતા.

ત્યાર પછી કામચલાઉ અદ્યક્ષ તરીકે બળદીયાના પરબતભાઇ પ્રેમજી ની વરણી કરી અને વર્ષ ૨૦૧૨ ની કમીટી બરખાસ્ત કરવામાં આવી હતી. મહંત સ્વામીની ઈચ્છા અને આજ્ઞા અનુસાર જયાં સુધી નૂતન મંદિરનું કાર્ય પૂર્ણ ન થઇ જાય ત્યાં સુધી ઓફિસની કમીટીની બદલી ન કરજો આ વાત ને હરિભકતો એ રજુ કરી. સર્વ હરિભકતો જોરદાર પ્રતિસાદ આપ્યો કે કમીટી ન બદલાવો કામચલાઉ અદ્યક્ષ શ્રી એ ટ્રસ્ટીઓની મંજૂરી માંગી અને ટ્રસ્ટીઓની મંજૂરી મળતાં વર્ષ : ૨૦૧૬ સુધી આજ કમીટી રહે તેવો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

અદ્યક્ષ : શ્રી પરબતભાઇ પ્રેમજી વેકરીયા – બળદીયા, ઉપાદ્યક્ષ : શ્રી હિરજીભાઇ ખીમજી શિયાણી – મિરઝાપર, મંત્રીઃ શ્રી જાદવજીભાઇ લાલજી હાલાઇ – માધાપર, સહમંત્રી : શ્રી નારણભાઇ રવજી ગોરસીયા – માધાપર, ખજાનચી : શ્રી હરીશભાઇ ગોવિંદ વેકરીયા–માધાપર, સહખજાનચી : શ્રી કેસરાભાઇ કરસન વાલાણી – બળદીયા, ઓડિટર : શ્રી સુરેશભાઇ રામજી મેપાણી – બળદીયા, સહ ઓડિટર : શ્રી જયેશભાઇ શીવજી હિરાણી – સુરજપર

આ રીતે આઠ સભ્યો ૨૦૧૬ ની સાલ સુધી કાર્યરત રહેશે. તથા માનદ્‌સભ્યો પણ જરૂર જણાય તો ફેરફાર કરવો નહિંતર તેઓ પણ એના એજ રહે તેવો હાજર રહેલા સર્વ સભાસદો તરફથી ઠરાવ કરવામાં આવ્યો. ત્યાર બાદ બાંધકામ સમીતીએ બાંધકામનો અહેવાલ આપ્યો એ સાંભળી સર્વ હરિભકતો સંતુષ્ટ થયા હતા. વિશેષ કોઇ કાર્ય ન હોતાં શાંતિ પૂર્ણ વાતાવરણમાં થયેલ જાહેર સભા સહજાનંદ સ્વામીની જય બોલાવો પૂર્ણ કરવામાં આવી.

અહેવાલ – સહમંત્રી નારણભાઇ ગોરસીયા....

## સ્ટેનમોર વાર્ષિક પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરને વૈશાખ વદ–૧૨ બુધવાર તા.૦૫.૦૭.૨૦૧૩નાં રોજ સાત વર્ષ પુરા થયા, તે નિમીતે સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. આ શુભ અવસરે કથા પારાયણ રૂપી સપ્તાહ જ્ઞાન યજ્ઞના યજમાન ગામ ઉ.સુખપરના અ.નિ. કાન્તાબેન જાદવા ખેતાણી, અ.નિ.લક્ષ્મણભાઇ જાદવા ખેતાણી, અ.નિ. રામજીભાઇ હરજી ખેતાણી,

## રાપર – પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર – રાપરના ભાઈઓ તથા બહેનોના મંદિરનો ૮મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામિનારાયણ ગુરુકુળ–રાપરથી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી નૌતમમુનીદાસજી, સ્વામી મુકુંદમુનીદાસજી પધાર્યા હતા.

તા. ૧૫–૬–૧૩, શનિવાર જેઠ સુદ ૬ના સવારે શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ શ્રી ઘનશ્યામ મહારાજના ચરિત્રની કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ ઠાકોરજીનો પંચામૃતનો મહાઅભિષેક સંતો તથા યજમાનના વરદ હસ્તે થયો.

આ ઉત્સવના યજમાન પ.હ.ભ. શ્રી ગામ રાપર હાલ મુંબઈ નિવાસી કાનજીભાઈ ધરમશીભાઈ આરેઠીયાના સુપુત્ર દિપક કાનજીભાઈ આરેઠીયાએ ઘેર દિકરાના જન્મ નિમિત્તે યજમાન પદ સ્વીકાર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી પરમેશ્વર સ્વરૂપદાસજીએ કર્યું હતું.

વાગ વિસ્તારના રાપર, સેલારી, કલ્યાણપર, રતનપર, ઉમૈયા, આધોઈથી બહોળી સંખ્યામાં હરિભકતો પધાર્યા હતા.

ત્યારબાદ બપોરે ઠાકોરજીનો મહાપ્રસાદ લઈ સૌ છુટા પડયા હતા.

અહેવાલ : કેતન ભરતભાઈ દાવડા

## અક્ષરવાસ

**જીવન પર્યંત સાંખ્યયોગ દીપાવનાર ત્યાગીરત્ન આત્માને અક્ષર ગમને ભાવવંદના સહ અંજલી**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છા થી ગામ નારણપર(ની.) ના અ.નિ.સાં.યોગી લીરબાઈ ફઈ ભગવાનના ધામમાં સીધાવ્યા તેમને સાંખયોગી પ્રકલ્પની ઉચ્ચ–પવિત્ર અવિચળ પરંપરાને જીવન પર્યંત નિભાવી સમગ્ર સાં.યોગી બહેનો કર્મયોગી બહેનો તથા સમગ્ર સત્સંગ સમુદાય ને નરનારાયણદેવની નિષ્ઠાના સંસ્કાર ઉતારી જીવન સાર્થક કર્યુ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ના ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેમના ગુણો જીવનમાં ઉતરે અને જે માર્ગ તેમણે બતાવ્યો છે તે માર્ગે ચાલવાની શકિત આપો. એજ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સહ. લી આર.ડી.પટેલ

## અક્ષરવાસ

- તા.૨૩.૪.૨૦૧૩ને મંગળવારે ઉ.૧૫, વર્ષ જયેશભાઇ લાલજી પ્રેમજી વરસાણી ગામ કોડકીના નાની વયે નાઇરોબીમાં ધામમાં ગયા.
- તા.૨૮.૪.૨૦૧૩ને રવિવારે પ.ભ.શામબાઇ કેશરા ખેતાણી ઉ.વ.૬૩, પર્થ–ઓસ્ટ્રેલીયામાં ધામમાં ગયા. માનબાઇ ભીમજી રામજી હાલાઇ ગામ : નારાણપુર, ઉ.વ.૪૮, હાલ : નાઇરોબી, ધામમાં ગયાં મહારાજ સર્વેને ચરણો કમળનું સુખ આપે....
- તા. ૧–૫–૨૦૧૩ના રોજ ગામ ફોટડીના હાલ મોમ્બાસમાં રહેતા પ.ભ. અ.નિ. કાનજીભાઇ પ્રેમજી ભુડીયાના સુપુત્ર અરવિંદભાઇ ૫૩ વર્ષે પ્રભુ સ્મૃતિ સાથે મોમ્બાસામાં મહારાજના ધામમાં ગયા છે. અરવિંદભાઇએ ભુજ મંદિરમાં ઘણી સેવા કરેલી અને અત્યારે તેમના ભાઇ હસુભાઇ પણ મોમ્બાસા મંદિરમાં તેમજ ભુજ મંદિરમાં સેવા કરે છે. ગરીબો માટે કરેલી સેવા અવિસ્મરણીય રહેશે. પ.પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તેમના પરિવારમાં પડેલી ખોટ તથા પરિવારને થયેલ વિયોગ સહન કરવાની શક્તિ તેમજ તેમના આત્માને શ્રીજી મહારાજ સમીપનું સુખ આપે એવી પ્રાર્થના કરી છે.
- તા.૨૫–૫–૨૦૧૩ના રોજ ગામ સુખપરના પ.ભ. વાલજી રામજી વેકરીયા ઉ. ૬૫ રોજ શ્રીજી મહારાજની સ્મૃતિ સાથે અક્ષર નિવાસી થયા છે. શ્રી નરનારાયણદેવ સાથે દઢ નિષ્ઠાથી બંધાયેલા, સંતોને પોતાના કરી માનતા પ.ભ. વાલજીભાઇ અચાનક મહારજના ધામમાં સિધાવ્યા છે. મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ તેમને મહારાજ પોતાના ચરણનું સુખ આપે.
- તા.૨૯–૫–૨૦૧૩ના રોજ કુંદનપુરના હાલે લંડન પ.ભ. ધનજીભાઇ વેલજી લાલજી કેરાઇ ઉ.વ. ૪૯ વર્ષની ઉમરે અક્ષરનીવાસી થયા છે. શ્રીજી મહારાજ અક્ષરવાસી થયેલા આત્માને પોતાના સમિપનું સુખ આપે એવી પ્રાર્થના.

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવીનું ધો. ૧૦ (એસ.એસ.સી.)નું ૯૦% જેટલું ઉંચું પરિણામ

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવી ખાતે તા. ૨૦/૬/૨૦૧૩ના રોજ માર્ચ–૨૦૧૩ માં ધો. ૧૦ પાસ થનારા તમામ વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સન્માન સમારંભના અધ્યક્ષસ્થાને સંસ્થાના પ્રમુખ શા.સ્વામીશ્રી અક્ષરપ્રકાશદાસજી રહ્યા હતા. શાળાના કુલ્લ ૮૦ વિદ્યાર્થીઓએ માર્ચ–૨૦૧૩માં ધો ૧૦ની પરીક્ષા આપી હતી. જેમાં ૭૨ વિદ્યાર્થીઓ પાસ થતાં શાળાનું પરિણામ ૯૦ % આવ્યું છે.

છભાડિયા લક્ષ્મણ મનસુખભાઈ ૮૧% સાથે શાળામાં પ્રથમ રહ્યા હતા.

શાળાના તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ શા.સ્વામી શ્રી અક્ષરપ્રકાશદાસજી તથા પૂર્વ સંચાલક શા.સ્વામીશ્રી નારાયણમુનિદાસજીના હસ્તે પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા જેમાં શાળામાં ૧ થી ૩ નંબરે આવનાર વિદ્યાર્થીઓનો વિશેષ સન્માન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. પ.પૂ. બંને સંતોએ વિદ્યાર્થીઓને જીવનમાં કદી નિરાશ ન થતાં સતત આગળ દ્રષ્ટિ રાખવાની વાત કરી, હકારાત્મક વિચારવાની શીખ આપી હતી.

ધો. ૧૦ના વિદ્યાર્થી પ્રતિનિધિઓએ પોતાના પ્રત્યુતરમાં શાળા તથા સંસ્થાનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ કર્યું હતું.

આચાર્યશ્રી

## ગાયોને ચારો

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા કચ્છના જરૂરીયાતવાળા વિસ્તારમાં ચાર તાલુકાના છેવાડાના ગામોમાં દુઃખી ગાયોને નીરણ પુરુ પાડેલ. (જેમાં ગાંસડી, જુવાર સૂકી (કડબ) તથા લીલોચારો)

| | | | |
|---|---|---|---|
| **ગાંસડી** | **મણ** | **– ૧૭૬૧૭** | **કિલ્લા – ૪,૨૪,૬૮૦** |
| **સૂકી જુવાર** | **મણ** | **– ૬૮૭૭** | **કિલ્લા – ૨,૭૫,૦૮૦** |

(ગામોના નામો : કૈયારી, કુરન, ઘડુલી, બરંદા, કપુરાશી, હાજાપર, હરૂડો, ખારી મેઘપર, ઓઠીવાંઢ, સુભાષપર, જામકુનરીયા, નાની વીરાણી, તલવાંઢ, સરગુ (બન્ની) ખારા પસવારીયા, ઉસ્તીયા, સામજીયારા, આસાલડી, જખૌ, લુડીયા, ઢોર (છછી), સેડાતા, ધ્રોબાણ, કુવાથડા, વંગ, લાખાણીયા વિગેરે.



અભિનંદનસહ આશીર્વાદ પાઠવ્યા હતા. આચાર્યશ્રી તથા શિક્ષણગણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવી ભવિષ્યના અભ્યાસાર્થે માર્ગદર્શન આપ્યું હતું.

અહેવાલ : આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવીનું ધો. ૧૨ (સા.પ્ર.)નું પરિણામ છેલ્લા ૧૧ વર્ષમાં ૮ મી વખત ૧૦૦% આવ્યું છે.

સંસ્થાના પ્રાર્થના મંદિરમાં મંડળના પ્રમુખ તથા માંડવી મંદિરના મહંત શા.સ્વામી શ્રી ભગવતજીવનદાસજીના આશીર્વાદથી તેમજ સંસ્થાના પ્રમુખ શા.સ્વામીશ્રી અક્ષરપ્રકાશદાસજી તથા સ્વામીશ્રી વેદપ્રકાશદાસજીની ઉપસ્થિતિમાં ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ શા. સ્વામી શ્રી અક્ષર પ્રકાશદાસજીએ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી તેમજ સંસ્થામાં ૧ થી ૩ નંબરે આવતા વિદ્યાર્થીઓને વિશેષ પુરસ્કાર આપી સન્માન્યા હતા. તેમજ વિદ્યાર્થીઓનું ભાવિ મંગલમય બને અને તેમનો માર્ગ કલ્યાણકારી બની રહે તેવા અંતઃકરણથી આશીર્વાદ આપ્યા હતા. સંસ્થાના મંત્રી સ્વામી શ્રી વેદપ્રકાશદાસજીએ વિદ્યાર્થીઓને પોતાનું જીવન સત્યમ શીવમ સુંદરમ બની રહે તેવું કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ કર્યું હતું.

આચાર્યશ્રી

## શ્રીહરિ વિદ્યામંદિરને આંગણે વિદ્યાર્થી આગમનના વધામણાં

શ્રીહરિ તપોવન ગુરૂકુલ ગંગાજી, રામપર–વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં તા. ૧૦/૬/૧૩ થી સ્વજીવનને કેળવણીથી કંડારવાના સંકલ્પ સાથે સંતો અને ગુરુજનોની આજ્ઞામાં રહી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે વિદ્યા અભ્યાસમાં કાર્યરત થયેલ વિદ્યાર્થીઓને દિનાંક ૧૩–૧૪–૧૫/૬/૨૦૧૩ આમ ત્રિદિવસીય વિવિધ કાર્યક્રમોના માધ્યમથી પ્રવેશોત્સવના સ્વરૂપે વધાવવામાં આવ્યા હતા.

સંચાલક સંતો અને વાલીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત મંત્ર ગાયન કરતા સંતોએ વિદ્યાર્થીના ભાલે કુમકુમ–અક્ષતથી તિલક કરી બૌધિક સ્તરને પવિત્ર કર્યું. આ સમયે શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ વિદ્યાર્થી અને વાલિઓને આપણી પ્રાચીન એવી ગુરૂકુલ પરંપરાને સ્વીકારી વિદ્યા અભ્યાસ કરવાના નિર્ણયને બિરદાવતા શિક્ષણને જીવનના પાયા સમાન ગણાવતા ઉચ્ચ શિક્ષણના શિખરો સંસ્કાર અને આધ્યાત્મ શક્તિને સાથે રાખી પાર કરવાની પ્રેરણા કરી હતી. ગુરૂકુલના સક્ષમ ટ્રસ્ટી મંડળ અને શિક્ષણ સમિતિએ બાળકોની ખુશાલી અને ગુરૂકુલની શોભાના હિતાર્થે લીધેલ નિર્ણય મુજબ દરેક વિદ્યાર્થીઓને ગુરૂજનોના હસ્તે ગુરૂકુલ તરફથી ચાંદી સમાન ચળકતા થાળી–વાટકો–ગ્લાસ, કોમળ ગાદલું અને ઓઢવા તથા પાથરવા માટેની ચાદરનું વિતર કરવામાં આવેલ. દ્વિતીય દિને ગુરૂકુલની આસપાસના ગામના પ્રતિષ્ઠિત નાગરીકો અને ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં દરેક બાળકોને શૈક્ષણિક વસ્તુઓની સોગાત આપી ખંતપૂર્વક વિદ્યા અભ્યાસ કરવાની ભલામણ કરવામાં આવી હતી. તૃતીય દિને કોઈ યોદ્ધાની માફક મનની ચંચળતા પર ભલામણ અને આશીર્વાદ રૂપી શસ્ત્રોથી વિજય મેળવી માતા–પિતા, વડીલો અને સંસ્થાની અપેક્ષા પૂર્ણ કરવા ભણતર માટે સુસજ્જ એવા શ્રીહરિ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ગોષ્ઠી સ્વરૂપે શાળાના તમામ શિક્ષકો પાસેથી વર્તમાન શિક્ષણ પદ્ધતિની માહિતીઓ મેળવી હતી. આ સાથે વિદ્યાલયના મા./ઉ.મા. વિભાગના આચાયશ્રી નવિનભાઈ પોકારે ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩માં ધો. ૧૨નું ૯૨% પરિણામ મેળવી સફળતાની કેડી પર ગતિમાન રહ્યાની જાહેરાત કરી નૂતન વર્ષમાં ૧૦૦% પરિણામે ળવવાનો લક્ષ્યાંતક રજુ કર્યો હતો.

સંતો, ટ્રસ્ટીઓ, શિક્ષણ સમિતિના સદસ્યો, આમંત્રિતો, નિયામકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકગણ અને વિદ્યાર્થી આમ સૌના યત્ન પ્રયત્નથી શ્રી નયનભાઈ ચાવડા દ્વારા સંચાલન અને શ્રી નિરવભાઈ ઉપાધ્યાય દ્વારા આભારવિધિ સાથે શ્રીહરિ વિદ્યામંદિરે સફળતાથી 'પ્રવેશોત્સવ' સંપન્ન કર્યો.

અહેવાલ : સંચાલકશ્રી

કીડીયારું, પક્ષીને ચણ, કૂતરાઓને રોટલા વગેરે અનેકવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં.

આ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા ભુજ મંદિરના મહંત પ.પૂ. સદ્. ધર્મનંદનદાસજી સ્વામી, સદ્.પ્રેમપ્રકાશદાસજી સ્વામી, સદ્.પાર્ષદવર્ય જાદવજી ભગત, સદ્.પ્રભુચરણદાસજી સ્વામી, સદ્. ધર્મવલ્લભદાસજી સ્વામી, સદ્. નિરન્નમુક્તદાસજી સ્વામી, સદ્. હરિનારાયણદાસજી સ્વામી, સદ્. શ્રીહરિદાસજી સ્વામી, કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે ભુજ મંદિરથી અનેક સંતો પધાર્યા હતા. ભુજ મંદિરના મહંત સ્વામીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આ વર્ષે અંજાર મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજની સેવામાં રહેલા સદ્. સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતોએ જે-જે ઉત્સવો અને કાર્યક્રમો કર્યા છે તે ખરેખર પ્રસંશનીય અને ધન્યવાદને પાત્ર છે.

અંજાર મંદિરના મહંત સદ્. સ્વામી હરિજીવનદાસજી, સદ્. સ્વામી મુકુંજીવનદાસજી, સદ્. સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્. સ્વામી હરિબળદાસજી, કોઠારી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી પ્રભુવલ્લભદાસજી, પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રસંગને અનુરૂપ આશીર્વાદ આપી સત્સંગી હરિભક્તોને તથા યજમાનશ્રીઓને સુખીયા કર્યા હતા.

જે પુણ્યાત્માઓના આત્યંતિક કલ્યાણ માટે આ શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું, તે પુણ્યાત્માઓ પણ કથા સાંભળીને અતિ પ્રસન્ન થયા હતા અને દરેક પોથીના યજમાનશ્રીઓના મુખમાંથી શબ્દો સરી પડ્યા હતા કે અમે જે હેતુથી આ કથા કરાવી હતી તે હેતુ ખરેખર સફળ થયો.

આ સમગ્ર મહોત્સવનું સફળ આયોજન શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તમામ પ્રકારની સેવા સંતોના માર્ગદર્શન હેઠળ અંજાર શહેર, બેન્સા વિસ્તાર અને નાગલપરના સત્સંગી હરિભક્તો ભાઈઓ-બહેનોએ સાથે મળીને કરી હતી. તેમજ શા. અક્ષરપ્રિયદાસજીએ સભાપતિની જવાબદારી ખંતપૂર્વક નિભાવી હતી.

અહેવાલ :- રમણીકભાઈ સોલંકી

## શ્રી સહજાનંદ ગુરૂકુળ, માનકુવા સંચાલિત શ્રી પુરૂષોતમ વિદ્યાલયનું ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)નું ઉત્કૃષ્ટ પરિણામ

ચાલુ વર્ષે ૨૦૧૩ દરમ્યાન લેવાયેલ જાહેર પરીક્ષામાં અત્રેની શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવા સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલયનું પરિણામ નોંધનીય રહ્યું હતું.

ધો. ૧૦ની લેવાયેલી પરીક્ષામાં શાળાનાં કુલ ૭૬ માંથી ૬૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ ૯૦.૭૯% સાથે શાળાને ગૌરવ અપાવ્યું હતું. જેમાં ૮૦% ઉપર ૧ વિદ્યાર્થી, ૭૦ થી ૮૦% વચ્ચે ૧૩ વિદ્યાર્થી, જ્યારે ૬૦ થી ૭૦% વચ્ચે ૨૫ વિદ્યાર્થીઓ તેમજ ૫૦ થી ૬૦ વચ્ચે ૩૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ સંસ્થાને ગૌરવ પ્રદાન કરેલ છે. જ્યારે ૮૦.૫૦% સાથે ભવાનીપર (ધમડકા)ના દીપગીરી કે. ગોસ્વામીએ શાળામાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અત્રે નોંધનીય છે કે સમગ્ર રાજયનું ધો. ૧૦નું પરિણામ ૬૫.૧૨% જ્યારે કચ્છ જિલ્લાનું પરિણામ ફક્ત ૪૮% આવ્યું હતું. ત્યારે શાળાનું આ પરિણામ શાળાના શિક્ષણની ગુણવત્તાનું દર્પણ બની રહ્યું છે.

તેવી રીતે ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)માં અભ્યાસ કરતાં કુલ ૩૬ વિદ્યાર્થીઓ પૈકી ૩૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈ શાળાનું ૮૬.૧૧% જેટલું સુંદર પરિણામ મેળવવામાં સફળ રહ્યા હતા. અહીં પણ ૭૦ થી ૮૦ ટકા વચ્ચે ૦૭ વિદ્યાર્થી, ૬૦ થી ૭૦ ટકા વચ્ચે ૧૧ વિદ્યાર્થીઓ, ૫૦ થી ૬૦ ટકા વચ્ચે ૦૭ અને ૪૫ થી ૫૦ ટકા વચ્ચે ૬ વિદ્યાર્થી સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગામ માનકુવા ગોરસીયા મયૂર રામજીભાઈ ૭૫.૮૬% સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ પ્રદાન કર્યું હતું. તેમજ કચ્છ જિલ્લાનું પરિણામ ૬૪.૦૬% રહ્યું હતું.

શાળાના આવા ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંસ્થાના સંતવર્ય પૂ. ગોલોક વિહારીદાસજી સ્વામી, પૂ. ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી, પૂ. યજ્ઞપુરુષદાસજી સ્વામી, પૂ. અક્ષરવિહારીદાસજી સ્વામી, પૂ. દેવકૃષ્ણદાસજી સ્વામી, ટ્રસ્ટીમંડળે, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છા પાઠવી હતી. આવા સુંદર પરિણામ લાવવા માટે શિક્ષકગણે કરેલી મહેનતને પણ બિરદાવી

સંવાદ થયો. અંતે નારદજીએ ધ્રુવજીને મધુવનમાં મૂક્યા, ધ્રુવજીને ભગવાનું પ્રત્યક્ષ દર્શન થયું અને જ્યારે ગામમાં પાછા પધાર્યા ત્યારે પિતા ઉત્તાનપાદ અને માતા સુનીતિ-સુરુચિ તેમજ નગરજનોએ સાથે મળી ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. આ સમગ્ર પ્રસંગને રૂપક દ્વારા સ્ટેજ પર રજુ કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. છાંગા ભગવાનજીભાઈ અરજણભાઈ — રતનાલ તથા પ.ભ. વિજયભાઈ પ્રેમજીભાઈ ઠક્કર — અંજાર રહ્યા હતા.

**શ્રીરામ જન્મોત્સવ :** મહોત્સવના ત્રીજા દિવસની સંધ્યાએ ભાગવત કથા અંતર્ગત અતિ ધામધૂમથી શ્રીરામ જન્મોત્સવ ઊજવવામાં આવ્યો હતો. અંજારના ભાવિક ભક્તજનોએ ભગવાન શ્રીરામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્નનું ભાવ-વિભોર થઈને ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. નાનાલાલ ધરમશી પલાણ આદિ પરિવાર - અંજાર રહ્યા હતા.

**શ્રીકૃષ્ણ જન્મોત્સવ :** ચોથા દિવસે સાંજે અતિ ધામધૂમથી શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પુરુષભક્તોએ ગોકુળના ગોપ અને સ્ત્રીભક્તોએ ગોપી બનીને બાળકૃષ્ણનું સ્વાગત કર્યું હતું. તેમજ આ ઉત્સવમાં ચાર ચાંદ લગાવવા ગામ નારણપરના ભાવિક ભક્તજનો ગોવાળીયા બની બાળકૃષ્ણને લઈને પધાર્યા હતા અને સ્વાગત નૃત્ય દ્વારા બાળકૃષ્ણનું સ્વાગત કર્યું હતું. તેમજ સૌના મનને આકર્ષિત કરે તેવા આયોજન પૂર્વક મટકી ફોડનો કાર્યક્રમ યોજ્યો હતો.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. લાલજીભાઈ વિશ્રામ વેકરીયા, હ. સુપુત્ર વિષ્ણુ સહ પરિવાર - નારણપર રહ્યા હતા.

**ગોવર્ધન મહાભિષેક અને અન્નકૂટોત્સવ :** મહોત્સવના પાંચમા દિવસે સાંજે ગોવર્ધન મહાભિષેક અને અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. વૈદિકમંત્રો, શ્લોકો અને સંગીતના સૂરોની સાથે જ્યારે ગોવર્ધનનાથ પંચામૃતથી સ્નાન કરી રહ્યા હતા ત્યારે દર્શનાર્થીઓ દેહ-ગેહાદિકનું ભાન ભૂલીને કેવળ દર્શન જ કરી રહ્યા હતા. મહાભિષેક બાદ અંજારના ભક્તજનો પોત-પોતાના ઘરેથી અનેક પ્રકારની વાનગીઓ બનાવીને લાવ્યા હતા તે ગોવર્ધનનાથની આગળ અન્નકૂટ રૂપે સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી હતી.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. અ.નિ. ધનજીભાઈ લાલજી માયાણી, હ. સુપુત્ર ગોપાલભાઈ તથા રામજીભાઈ સહ પરિવાર — દહીંસરા (દારેસલામ) રહ્યા હતા.

**શ્રીરુક્ષ્મણી વિવાહ મહોત્સવ :** છઠ્ઠા દિવસના સાંજના સત્રમાં અતિ ધામધૂમથી શ્રીરુક્ષ્મણી વિવાહ મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. શ્રીઠાકોરજીની શોભાયાત્રા (જાન) શ્રીસ્વામિનારાયણ મંદિરેથી નીકળી બેન્ડપાર્ટીના સૂરોની સાથે વાજતે-ગાજતે સભા મંડપમાં આવી હતી અને શ્રીઠાકોરજીનાં શ્રીરુક્ષ્મણીદેવી સાથે વિધિવત્ લગ્ન કરાવવામાં આવ્યાં હતાં.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. વિશ્રામભાઈ લાલજી પીંડોરીયા, સુપુત્ર કાંતીભાઈ, વિજયભાઈ તથા સુરેશભાઈ સહ પરિવાર — માધાપર (પર્થ-ઓસ્ટ્રેલીયા) વરપક્ષે તથા જેન્તીભાઈ પોપટલાલ સોની, સુપુત્ર ભાવેશ સહ પરિવાર — અંજાર રહ્યા હતા.

**શ્રીમદ્ભાગવત પૂજન મહોત્સવ :** મહોત્સવના અંતિમ દિવસે કથાની સમાપ્તિ થયા બાદ શ્રીમદ્ભાગવત પૂજન મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. કથાના મુખ્ય યજમાનશ્રીએ તથા પોથીના દરેક યજમાનશ્રીએ પોત-પોતાની પોથીનું પૂજન કરી પછી પોથીને માથા પર ધારણ કરીને, મહોત્સવના પ્રારંભમાં જે રીતે શ્રીઘનશ્યામ મહારાજના સાનિધ્યમાંથી વાજતે-ગાજતે પોથીને સભા મંડપમાં લાવ્યા હતા તે જ રીતે સભા મંડપમાંથી પાછી શ્રીઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં લાવ્યા હતા.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. અ.નિ. કરશનભાઈ ગોવિંદ વેકરીયા — સુખપર, હ. રાધાબાઈ વાલજી સેંઘાણી પરિવાર — નારણપર રહ્યા હતા.

આ રીતે દરરોજના ઉત્સવો જુદા-જુદા હરિભક્તોના યજમાનપદે હર્ષોલ્લાસ પૂર્વક ખૂબ જ ધામધૂમથી ઉજવાયા હતા.

મહોત્સવ દરમિયાન :- પવિત્ર ભુદેવોએ અક્ષરશઃ ભાગવતની ત્રણ વખત મૌન પારાયણ કરી હતી. છેલ્લા દિવસે એટલે કે તા. ૨/૬/૨૦૧૩નાં રોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા શ્રીહરિયાગ પણ કરવામાં આવ્યો હતો. તેમજ ગાયોને ચારો, કીડીઓને

# અંજાર શહેરને આંગણે ઊજવાયો
# શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ (સચિત્ર)

ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમજ ભુજનગરનિવાસી શ્રીનરનારાયણદેવની કરુણાથી તેમજ ભુજ મંદિરના મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સદ્. સ્વામી હરિજીવનદાસજીની દોરવણી હેઠળ તા. ૨૬/૦૫/૨૦૧૩ થી ૦૨/૦૬/૨૦૧૩ સુધી પોતાના પિતૃઓના ઋણથી મુક્ત થવા માટે અનેક પ્રાતઃસ્મરણિય બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ પવિત્ર બ્રાહ્મણોના દિવ્ય સાનિધ્યમાં ૧૦૮ પોથી અને ૧ દિવસીય શ્રીહરિયાગ સહિત સર્વ પિતૃઓના આત્યંતિક કલ્યાણાર્થે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ (સચિત્ર) અતિ ધામધૂમથી અનેરા આનંદની સાથે હર્ષોલ્લાસપૂર્વક ઊજવાયો હતો.

આ મહોત્સવમાં શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી અને શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિ દાસજીએ વ્યાસપીઠ પર વિરાજી એક-એક પ્રસંગની ખૂબ જ ઊંડાણ ભર્યા ચિંતન પૂર્વક વિશદ છણાવટ કરી સાત-સાત દિવસ સુધી શ્રોતાજનોને ભાગવત ભાગિરથીમાં રસરૂપ કર્યા હતા. તેમની સાથે સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી અને સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પોતાના સુમધુર કંઠે શ્રોતાજનોને ડોલાવ્યા હતા.

આ મહોત્સવમાં ૧૦ X ૮ ફૂટની વિશાળ l.e.d. સ્ક્રીન પર કથાના પ્રસંગોને જીવંત કરતાં ૧૦૦૦થી વધારે ચિત્રો બતાવવામાં આવ્યાં હતાં. જેણે એક અનેરું અને અનોખું આકર્ષણ ઊભું કર્યું હતું. જેનું સ્ક્રીનપ્લે સ્વામી વિવેકમુનિદાસજીએ ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું.

મહોત્સવની શુભ શરુઆત પોથીયાત્રાથી કરવામાં આવી હતી. શ્રીઘનશ્યામ મહારાજના દિવ્ય સાનિધ્યમાંથી કથાના મુખ્ય યજમાનશ્રી તથા પોથીના દરેક યજમાનશ્રી પોત-પોતાની પોથીનું પૂજન કરી પછી પોથીને મસ્તક પર ધારણ કરીને, બેન્ડપાર્ટીના સૂરોની સાથે વાજતે-ગાજતે પોથીને સભા મંડપમાં લાવ્યા હતા. સભા મંડપમાં પોથીને પધરાવીને પછી ભુજ મંદિરના મહંત પ.પૂ. સદ્. સ્વામી ધર્મનંદનદાસજી તથા અંજાર મંદિરના મહંત પ.પૂ. સદ્. સ્વામી હરિજીવનદાસજીએ દીપપ્રાગટ્ય કરી શ્રીમદ્‌ભાગવત કથાની શુભ શરુઆત કરાવી હતી.

આ મહોત્સવના મુખ્ય યજમાન પદે મૂળ ગામ પોરના વતની અને હાલે અંજારમાં નિવાસ કરતા પ.ભ. રમેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, હ. જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ સહ પરિવાર તથા મૂળ ગામ અંબાપુરના વતની અને હાલે અંજારમાં નિવાસ કરતા પ.ભ. ચીનુભાઈ રમણલાલ પટેલ, હ. સુમનભાઈ રમણલાલ પટેલ સહ પરિવાર રહ્યા હતા.

મહોત્સવ ઉપક્રમે કથા અંતર્ગત દરરોજ સાંજે વિવિધ ઉત્સવો ઊજવવામાં આવતા હતા.

**શ્રીકૃષ્ણ દ્વારિકા આગમન મહોત્સવ :** મહોત્સવના પ્રથમ દિવસે સાંજે શ્રીકૃષ્ણ દ્વારિકા આગમન મહોત્સવ સ્વાગત નૃત્ય સાથે અતિ ધામધૂમથી ઊજવાયો હતો. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે મોટાભાઈ બળરામજી, ઉદ્ધવજી, અક્રુરજી વગેરે મંત્રીઓની સાથે દ્વારિકામાં પ્રવેશ કર્યો ત્યારે સ્વાગતમ્.... સ્વાગતમ્.... સ્વાગતમ્.... આવો પધારો સ્વાગતમ્.... – આ સ્વાગત ગીતના સૂરોની સાથે દ્વારિકાવાસીઓએ ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરીને તેમનું સ્વાગત કર્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે રાજસભામાં પધાર્યા ત્યારે બંદીજનોએ છડી પોકારી હતી અને નાના-નાના બાળકોએ આવો કરીએ સ્વાગત અમે પ્રેમથી ભર્યા...... – આ સ્વાગત ગીત દ્વારા નૃત્ય કરી ભગવાનનું અભિવાદન કર્યું હતું.

આ ઉત્સવના યજમાન પદે પ.ભ. ભરતભાઈ ઝવેરીલાલ જોષી પરિવાર રહ્યા હતા.

**મધુવનમાં ધ્રુવને પ્રભુદર્શન મહોત્સવ :** બીજે દિવસે સાંજના સત્રમાં ચતુર્થ સ્કંધની કથા અંતર્ગત મધુવનમાં ધ્રુવને પ્રભુદર્શન મહોત્સવ ઊજવાયો હતો. સ્ટેજ પર અતિ અદ્‌ભુત મધુવનનું દૃશ્ય ખડું કરવામાં આવ્યું હતું. પાંચ વર્ષના નાનાકડા બાળભક્ત ધ્રુવજી ભગવાનને મળવા ઘોર જંગલમાં જઈ રહ્યા હતા ત્યાં સામેથી તેમને નારદજી મળ્યા અને તેમનો અદ્‌ભુત

ગાંધીધામના કેન્દ્રમાંથી ૮૫ વિદ્યાર્થીઓ અને નૃત્યમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેનું પરિણામ જાહેર થયેલ જેમાં ગુરુકુળ કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા પ્રાપ્ત કરેલ છે.

**હિન્દી પરીક્ષાનું ૧૦૦ ટકા પરીણામ :** હિન્દી કેન્દ્ર વર્ધા દ્વારા ગુરુકુલમાં ચાલતા હિન્દી કેન્દ્રમાં આ વર્ષે ૧૪૯ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો જેનું પરીણામ જાહેર થતાં ગુરુકુળ કેન્દ્રનું ૧૦૦ ટકા જાહેર થયેલું છે.

આવિ ઉત્તમ સિદ્ધિ બદલ સંગીત કેન્દ્રના શિક્ષક શ્રી જયદીપ વૈદ્ય તેમજ નૃત્યના શિક્ષિકા શ્રીમતિ સુમા તેમજ ઉત્તિર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ગુરુકુળના પ્રમુખ પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી, ડો.સ્વામી સત્યપ્રસાદ દાસજી તથા ટ્રસ્ટીશ્રી નારણભાઇ સાંખલા, વેલજીભાઇ કેરાઇ, કલ્યાણભાઇ હિરાણી,હિંમતભાઇ રાદડીયા, કૌશિકભાઇ પીનારા, તેમજ કિરણભાઇ આહિરે અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીધામ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા સ્કૂલ બેગનું વિતરણ



આંહિ આવેલ ગાંધીધામ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા જુરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીધામ ગુરુકુળ દ્વારા ભચાઉ તા. નંદગામમાં આવેલ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ૭૫ જરૂરીતમંદ વિદ્યાર્થીઓને તેમજ વિદ્યાભારતી શિશુમંદિર પ્રાથમિક વિદ્યાલયમાં ૭૦ જરૂરીયતમંદ વિદ્યાર્થીઓને કુલ ૧૫૦ સ્કૂલ બેગનું શ્રીસ્વામિનારાયણ ગુરુકુળના પ્રમુખ સ્વામી મુક્તવલ્લભ દાસજી, ડો સ્વામી સત્યપ્રસાદ દાસજીના હસ્તે બધા વિદ્યાર્થીઓને દફ્તરનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુક્તવલ્લભ સ્વામીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે જેમ પાણીથી શરીર શુદ્ધ થાય તેમ વિદ્યા ભણવાથી મન અને બિદ્ધિ શુદ્ધ થાય છે. તેથી વિદ્યાર્થીઓને રોજ શાળાએ આવીને અભ્યાસમાં ધ્યાન દેવું જોઇએ. ડો. સ્વામીએ જણાવ્યું જીવનમાં વિદ્યાનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ગાંધીધામ ગુરુકુળના ટ્રસ્ટી શ્રી કિરણભાઇ આહિર તથા નંદગામના સરપંચ શ્રી લક્ષ્મણભઇ ગામના અગ્રણી શ્રીગોવિંદભાઇ, શ્રી રણધીરભાઇ, શ્રીનારાણભાઇ, શ્રીહરિભાઇ હાજર રહીને વિદ્યાર્થીઓને ભણવામાં પ્રોત્સાહિત કર્યા હતા.

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજ દ્વારા ઘાસચારા વિતરણ










કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવાનો તથા સંતોએ પાન્ધ્રો, કૈયારી તેમજ આજુબાજુના વિસ્તારોમાં રૂબરૂ જઈને ભૂખી ગાયોની સેવા તેમજ આશરે ૬.૫ ટન જેટલા લીલા ઘાસચારાનું વિતરણ કર્યું હતું.



પરમહંસદાસજીએ સત્સંગમાં એકમના થઇને રહેવું. સ્વામી મુકતવલ્લભદાસજીએ સત્સંગમાં જીવને બળ મળે એમ વાત કરી હતી. આવેલા શિબિરાર્થીઓની રહેવાની વ્યવસ્થામાં કોઠારી પાર્ષદ ખીમજી ભગતે સેવા સભાળી હતી. સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ બહોળી સંખ્યામાં પધારેલા યુવાનોને આશીર્વાદ આપીને કહ્યું કે દરેક કાર્યમાં સાથે રહેજો. ને સંતોએ આપેલ આદેશને જરૂર વળગી રહેશે એવી વાત સાથે વિદાય થયા હતા.

વાત કરી હતી. સ્વામી કેશવજીવનદાસજીએ સંગની વાત કરીને પોતાના મિત્રની વાત, સ્વામી

અહે.રમણીકભાઇ ગોર

## ગાંધીધામ ગુરુકુળનું ધો. ૧૦ નું ૮૬.૨૫ ટકા પરિણામ

આ વર્ષે જાહેર થયેલ ધોરણ ૧૨ અને ધોરણ ૧૦નું પરિણામમાં ગાંધીધામ ગુરુકુળ અંગ્રેજી માધ્યમના ધો.૧૨ માં ૭૮.૭૬ તેમજ ધો.૧૦ની પરીક્ષામાં ૮૬.૨૫ ટકા સાથે ૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા. ધોરણ ૧૨માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તોમર સંજયસિંહ, દ્વિતીય સુન્ધા ગોવીંદ, તૃતીય પટેલ પાર્થે સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ ધોરણ ૧૦માં ગુરુકુળમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર રાઘવાણી મનોજ, મહેતા વન્દીર, મહેશ્વરી રોહન, પાલ કૌશિક તથા ટાંક હર્ષ ક્રમશઃ એક થી પાંચ સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ૭ વિદ્યાર્થીઓ એ ૨ માં ઉત્તિર્ણ થયા છે, બી ૧ માં ૨૦ વિદ્યાર્થીઓ, બી ૨માં ૩૭ તેમજ સી ૧ માં ૮ વિદ્યાર્થીઓ પાસ થઇને ગુરુકુળનું ગૌરવ વધાર્યું છે. જ્યારથી ગુરુકુળમાં માધ્યમિક ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષા લેવાય ત્યારથી દરવર્ષે આ ગુરુકુલ ઉત્તમ પરીણામ લાવીને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરતી રહી છે. ઉત્તરોત્તર શિક્ષણ, રમત-ગમત તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિમાં અવલ રહેનાર ગુરુકુળમાં અત્યાધુનિક સુવિધા સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં છે. જેમાં સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય જેવી ઉચકોટીની સુવિધા યુક્ત આ ગુરુકુલમાં ધોરણ બાળમંદિર થી ધોરણ બાર સુધીમાં અંગ્રેજી માધ્યમાં ૧૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતી માધ્યમાં ધોરણ બાળમંદિરથી ધોરણ ત્રણ સુધીમાં ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓ કુલમળીને ૧૪૫૦થી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.


શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આ સંસ્થામાં શાસ્ત્રીય સંગીત, ભારતીય નૃત્યના વર્ગો જેમજ વર્ધા દ્વારા ચાલતી હિન્દી પરીક્ષાનું કેન્દ્ર પણ ચાલુ છે જેમાં દર વર્ષે ૧૫૦ થી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સંગીત તેમજ નૃત્યમાં ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓ સંગીત અને નૃત્ય શિખિ રહ્યા છે.

**સંગીત અને નૃત્ય પરીક્ષાનું ૧૦૦ ટકા પરિણામ :** ગુરુકુળમાં ચાલતા ભારતીય શાસ્ત્રીય સંગીત તેમજ નૃત્યના કેન્દ્રમાં વિદ્યાર્થીઓની અખિલ ભારતીય બૃહદગુજરાત સંગીત પરિષદ્ અમદાવાદ દ્વારા લેવાયેલ સંગીત પરીક્ષામાં શ્રીસ્વામિનારાયણ સંગીત મહાવિદ્યાલય

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ૮મી ત્રિદિવસીય પ્રશિક્ષણ શિબિર

આપણાં ભુજ મંદિરના મહંત અ.નિ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી સ્થાપિત કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ સ્થાપના દશાબ્દી પર્વે ભુજ મધ્યે શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરમાં આપણી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ૮મી પ્રશિક્ષણ શિબિર ગત જૂન મહીનાની તા.૨/૩ અને ૪ એમ ત્રણ દિવસ યોજાઇ. કચ્છ, વાગડ, અબડાસા, ગુજરાતભરના જયાં કચ્છના સત્સંગીઓ રહે છે ત્યાંથી મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહયા હતા. આ શિબિરમાં ૪૫ સંતો અને દેશ દેશાંતરથી પધારેલા ૭૫૦ યુવાનોએ ૩ દિવસ સુધી સતત હાજરી રહી ખૂબ સત્સંગ કર્યો. સમગ્ર સત્સંગમાં એકરૂપતા લાવવા અને હાલમાં છે તેથી વિશેષ સારૂં થાય તે માટે આપણા ગામાં ચાલતી યુવક મંડળની સભાના પરિવર્તનો વિશેના નિર્ણયો આ શિબિરમાં લેવાયા હતા.

આ શિબિરમાં તા.૨ ના રોજ સાંજે પ.પૂ.મહંત સુ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, દ્વારા દીપપ્રાગટયથી શરૂઆત થઇ હતી. જેમાં પ્રાતઃપૂજા, ધ્યાન, એકાદશી, નિષ્ઠા જેવા વિષયો ઉપર સંતોના મંતવ્યો રજૂ થયા હતાં. આપણા યુવક મંડળની ચાલતી સભામાં થોડું પરિવર્તન થાય અને યુવાનો સત્સંગમાં મજબૂત થાય એવા હેતુથી સભા પથદર્શિકા નામની પુસ્તિકા તેમજ જે દર મહિને સીમિત સંખ્યામાં ગ્રુપવાઇઝ યુવાનો ભેળા થઇને સત્સંગ કરી શકે આનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરી પાળતી પુસ્તિકા નરનારાયણ વર્તુળનું વિમોચન કરવામાં આવ્યું હતું. અને ઝોનવાઇસ યુવાનોને સંયોજકની સેવા આપવામાં આવી હતી. જે સંતોની સાથે રહી સેવા કરશે. આ સાથે વચનામૃત અને શિક્ષાપત્રી ઉપર મનનીય પ્રવચનો પ.ભ.કાન્તીભાઇ ગોરે તથા રવિભાઇ પેથાણીએ આપ્યાં હતા. આ પ્રસંગે સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અન્ય વડીલ-યુવાન સંતો પધાર્યા હતા અને અંતરના આશીર્વાદ આપ્યા હતા. સંચાલન સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું. યુવાનોની રહેવાની, જમવાની બધી જ વ્યવસ્થામાં સંતો તથા હરિભકતોનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. જેમાં સંસ્થાના સંચાલકો પ્રવિણભાઇ પિંડોરીયા તથા લાલજીભાઇ આદિ ભકતો સાથે રહયા હતા. સંતોની સાથે રહી હરિભકતો યુવાનો ખૂબ રાજી થયા હતા. શિબિર દરમ્યાન સ.ગુ.પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી કેશવજીવનદાસજી, શા. સ્વામી ભકિતપ્રિયદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સંચાલક સંત સમિતિ તથા વિદ્યાર્થી સંતો સર્વે સાથે રહયા હતા.



શિબિરાર્થી યુવાનો એ સંતો સાથે રહી સંતોના સમાગમ અલભ્ય લાભ લીધો હતો. મહંત સ્વામી આશીર્વાદ સાથે વિદ્યાર્થી સંતોને મીઠી ટકોર કરી જેમ મા પોતાના બાળકને કહે તેમ, શ્રી હરિદાસજી સ્વામી-વચનામૃત પ્ર.પ્ર.-૧૫માં ઉપર વાત કરી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ એકાદશી મહિમા અને શ્રી નરનારાયણ ભગવાનની નિષ્ઠાની વાત કરી, સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પ્રાતઃપૂજા કરાવીને પાંચ માનસી પૂજાની

હતા. શ્રી ઠોકારજીની તથા મહારાજ શ્રીની શોભાયાત્રા નીકળી હતી જે શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિરના ઉપલક્ષ્યમાં બનાવેલ ભકિત બાગથી મંદિર સુધી આવી હતી. સાં.યો.બાઇઓ દ્વારા તૈયાર કરાયેલ ૧૨૦ ફૂટ ફૂલની માળા વડે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનો એ મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. શ્રી ઠાકોરજીનો અભિષેક મંદિરના પટાંગણમાં મહારાજશ્રી તથા મહંત સ્વામી તથા અન્ય વડીલ સંતો તથા કથાના યજમાનો ના હસ્તે કરવામાં આવ્યો હતો. જેનાં દર્શનનો લાભ સમગ્ર સભા જનો એ લીધો હતો. પાટોત્સવની તથા અન્નકૂટની આરતી બન્ને મંદિરોમાં મહારાજ શ્રી, સંતો તથા યજમાનો ના હસ્તે ઉતારી હતી.

ભુજ મંદિરના મહંત સ્વામી એ શ્રી હરિએ સ્વહસ્તે પધરાયેલ શ્રી નરનારાયણ દેવ પ્રત્યે એક નિષ્ઠા રાખવા ભલામણ કરેલ હતી તથા યજમાનને આશીર્વાદ આપેલ હતા. આચાર્ય મહારાજે સત્સંગમાં સત્સંગીઓએ માળા માં ગૂંથાયેલા ફૂલની જેમ ગુંથાઇ ને રહેવા કહયું હતું તથા કુટુંબ, સત્સંગ, સમાજ જુના ઝઘડા, આંટીઓ આવા શુભ પ્રસંગે છોડી દેવા એજ આ ઉત્સવની ખરી સાર્થકતા છે. એવી ભલામણ કરેલ શ્રી હરિદાસજી સ્વામીએ મંદિરનો આગામી ૧૨૫ માં પાટોત્સવ ની ઉજવણી મોટા ઉત્સવ થી કરવા લાગણી સભર ટકોર કરી હતી.

આ ઉત્સવ દરમ્યાન ગાયો માટે ઝોળી ફેરવીને સારી એવી રકમ ગૌરક્ષણ ટ્રસ્ટને અર્પણ કરેલ હતી.

આ ઉત્સવમાં મંદિરની કમિટી તથા યુવક મંડળના યુવાનો તથા સા.યો. બાઇઓ એ જહેમત ઉઠાવી હતી સમગ્ર ગામજનો નો ઉત્સાહ અને સહકાર બહુ સારો મળ્યો હતો. આ ઉત્સવની સમાપ્તીને અંતે શ્રી રવજી મુરજી જેશાણી એ બધાનો આભાર માન્યો હતો.

અહેવાલ – પ્રવિણ નારાણ પીંડોરીયા, મંત્રી

## શ્રી ઘનશ્યામ એકેડેમીને કેન્દ્રીય બોર્ડ સી.બી.એસ.ઈ.માં સ્થાન

ગ્રામ્ય વિસ્તારની એકમાત્ર અંગ્રેજી શાળા એવી નારાણપરની શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલને કેન્દ્રીય બોર્ડ (સી.બી.એસ.ઈ.)ના અભ્યાસક્રમની માન્યતા પ્રાપ્ત થયેલ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના પ.પૂ.સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા શા.સ્વામી લક્ષ્મણજીવનદાસજી આદિ વડીલ સંતોના શુભાશિર્વાદથી તથા સ્કૂલ સંચાલક સંત તથા ટ્રસ્ટીઓ અને સ્કૂલ આર્ચાયશ્રી તેમજ શિક્ષણ સ્ટાફના છેલ્લા ઘણા સમયથી ચાલતા અથાગ પરિશ્રમથી ચોવીસી ગ્રામીણ વિસ્તારમાં આવેલી નારણપરની શ્રી ઘનશ્યામ એકેડમી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું કેન્દ્રીય બોર્ડ (સી.બી.એસ.ઈ.) સાથે શાળા ક્રમાંક ૪૩૦૨૦૪થી જોડાણ થયેલ છે.

આ સફળ પ્રયાસથી અહીંના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને કેન્દ્રીય બોર્ડ અભ્યાસક્રમ (સી.બી.એસ.ઈ.) ભણવાની તક ઉપલબ્ધ થતાં શહેર સુધી લંબાવવું નહિ પડે.

કચ્છ જીલ્લાની જુજ એવી સ્કૂલનું કેન્દ્રીય બોર્ડ અભ્યાસક્રમ સાથે જોડાણ છે. ત્યારે અહીંની આપણી શ્રી ઘનશ્યામ એકેડમી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું કેન્દ્રીય બોર્ડ (સી.બી.એસ.ઈ.) સાથે જોડાણ થતા વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ઉત્સાહની લાગણી વહેતી થઈ છે.

મંડળના સંતો તથા સ્કૂલ સંચાલક સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી, પુરાણી સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, તથા ટ્રસ્ટીશ્રીઓ અરજણભાઇ રામજી, રત્નાભાઈ દેવશી, નવીનભાઈ પાંચાણી, શીવજીભાઈ મેઘજી, મુકેશભાઈ ભીમજી, લાલજીભાઈ વાલાણી, આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદ, ટીચર સ્ટાફ તથા સર્વે વિદ્યાર્થીઓના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ.

– સ્વામી ધર્મચરણદાસજી

# પ્રસાદી મંદિર,ભુજમાં ઉજવાયેલ ધાર્મિક પ્રસંગો...

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા અને ભુજ મંદિર ના પ.પૂ.મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ મધ્યે વિવિધ ધાર્મિક પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા.

શ્રીમદ વાસુદેવ માહાત્મ્ય પંચાહ્ન પારાયણ, તા.૧૬/૫/૧૩, ગુરૂવાર થી તા.૨૦/૫/૧૩, સોમવાર સુધી મહામુનિ વેદવ્યાસકૃત શ્રી વાસુદેવ મહાત્મ્ય પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલું હતું. જેના વકતાપદે શા.સ્વામી દેવચરણદાસજી રહ્યા હતા.

કથાના પ્રથમ દિવસે સવારે ૮.૦૦ વાગ્યે ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ભુજ પ્રસાદી મંદિરના મહંત સ.ગુ.પુ. કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી વગેરે નાના-મોટા સંતોની હાજરીમાં દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યાર પછી કથાની સુભશરૂઆત શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કરી હતી. પોતાની સુમધુર વાણીમાં દ્રષ્ટાંત સહ વાસુદેવ માહઝમ્યનો એક એક માહાત્મ્યનો શ્લોકનો નીચોડ શ્રોતાઓના અંતરપટ સુધી પહોંચાડયો હતો. કથા દરમ્યાન આવતા ઉત્સવો જેમ કે સમુદ્ર મંથન, લક્ષ્મી વિવાહ આદિ ઉત્સવોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

તા.૧૯/૫/૧૩ રવિવારના રોજ પ્રસાદી મંદિરમાં ચાલતી કથામાં મહંત સ.પુ.સ્વામી ધર્મનંદન દાસજી એ શ્રોતાજનોને પોતાના અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ ભગવાન શ્રી નરનારાયણ દેવ પ્રત્યે નિષ્ઠાવાન બની રહેવાની સૌને મીઠી ટકોર કરી હતી. અને તેજ દિવસની રાત્રીએ. યુવક મંડળની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક ગામોમાંથી યુવાનો પધારી સત્સંગનો દિવ્ય લાભલીધો હતો. તેમજ યજમાનશ્રીના આમંત્રણને માન આપીને અબડાસાના સાતેય ગામમાંથી તેમજ ચોવીસી વિસ્તારમાંથી હરિભક્તો, સાંખ્યોગીબાઇઓ પધાર્યો હતો.

આ કથા નાં યજમાન પદે મહામુક્તરાજ સાંખ્યયોગીશ્રી પાનબાઇના શિષ્યા સાં.યો.દેવબાઇ ધનજીભાઇ ગોગારીના શિષ્યા સાં.યો.નંદુબેન ધનજીભાઇ ભાવાણી તથા. સાં.યો. પ્રેમીલાબેન કરશનભાઇ ગોગારી તેમજ ગડાણી ગામનાં સમસ્ત સાંખ્યયોગી બહેનો રહયા હતા.

# દહીંસરા મંદિરનો ઉજવાયો ૧૨૦મો પાટોત્સવ...

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર દહીંસરામાં બિરાજમાન શ્રી સહજાનંદ સ્વામી શ્રી ઘનશ્યામ મહારાજ ને ૧૨૦ વર્ષ પૂર્ણ થતાં ૧૨૦મો વાર્ષિક પાટોત્સવ તા.૨૪.૫.૧૩ થી તા.૨૮.૫.૧૩ સુધી ઉજવાયો હતો જેના યજમાન શ્રી લાલજી નારાણ જેશાણી સુત મુરજી લાલજી, સુત રામજી લાલજી જેશાણી, પૌત્ર રવજી મુરજી, સુત રમેશ રવજી જેશાણી પરિવાર હતા જેમાં સત્સંગી ભૂષણની કથા શા.ભકતવત્સલદાસજી તથા શા. શ્યામકૃષ્ણદાસજી દ્વારા સંભળાવામાં આવેલ. સભાપતિ શા.પુરુષોતમસ્વરૂપદાસજી તથા શા. હરિમુકુંદદાસજી હતા. સંગીતકાર શા.પરબ્રહ્મસ્વરૂપદાસજી હતા આ ઉત્સવ દરમ્યાન રાત્રે ભવ્ય ઠાકરથાળી તથા કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની સભા વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ પાવન પ્રસંગે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી શ્રીહરીદાસજી વગેરે વડીલ તથા યુવાન સંતો પધાર્યા હતા સાં.યો. બહેનો પધાર્યા

ઉપર બિરાજમાન થયા બાદ કથા વિરામ કરી મહારાજશ્રીનું મહંતસ્વામી તથા સંતો મારફત તથા યજમાન પરિવાર, મંદિરના કાર્યકર્તા તથા વડીલ મહાનુભાવો મારફત સન્માન સત્કાર કરવામાં આવલ. ત્યાર બાદ મહંત સ્વામી તથા શ્રી હરિદાસજીસ્વામીના રૂડા આશીર્વાદ બાદ યજમાન પરિવારને ભુજ મંદિર વતી તથા માધાપર મંદિર વતી પહેરામણી આપી સન્માનીત કરવામાં આવેલ ત્યાર બાદ યજમાન પરિવાર, વતી એમના પિતા, ભાઇ, સ્નેહી વગેરે મહારાજશ્રીના વરદ હસ્તે પહેરામણી આપી સન્માનીત કરવામાં આવેલ. ત્યાર બાદ મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે અમૃતવાણી નો લાભ મળેલ છેલ્લે આજના દિવસની કથા સમાપ્તિની તથા મહારાજશ્રીની આરતી ઉતારી ધુન્ય કીર્તન સાથે સમાપ્તી કરી મહારાજશ્રી ઉતારે પધાર્યા હતા. આજના શુભ મંગલ પ્રસંગે ઘણા સંતો ભુજ મંદિરેથી તથા ગુરુકુલોમાંથી પધાર્યા હતા.

કથાનો પાંચમો દિવસ એટલે મંદિરનો વાર્ષિક પાટોત્સવનો દિવસ જેઠ સુદ બીજના દિવસે સવારના ૬ થી ૬.૩૦ સુધી પાટોત્સવ નિમિતે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક વિધિ સંતો તથા યજમાન પરિવારના વરદ હસ્તે કરવામાં આવેલ ત્યારબાદ ૮ વાગે બંને મંદિરમાં મહારાજશ્રીના વરદ હસ્તે અન્નકૂટની આરતી સંતો તથા હરિભકતો તથા સાં.યો.બહેનોની હાજરીમાં ઉત્સાહપૂર્વક કરવામાં આવી. બહેનોના મંદિરમાંથી છાબનું સમૈયું ધામધૂમથી લઇ આવ્યા બાદ સંતોના આશીર્વાદ વચન સાથે ઉતર પુજન બાદ પંચાહ્ન પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી ધુન્ય-કીર્તન બોલી ઉત્સાહ પૂર્વક સમાપ્તિ કરવામાં આવેલ. આ મહોત્સવનું પૂર્ણ સભા-સંચાલક શાસ્ત્રી સ્વામી સુર્યપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી પરમેશ્વર સ્વરૂપદાસજી એ બહુજ સરસ રીતે કરી સૌને રાજી કર્યા તથા મહોત્સવના મુખ્ય યજમાન ઝીણાભાઇ ગાંગજી એ આભાર વિધિ કરી મહોત્સવનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

અસ્તુ લી.મંત્રીશ્રી અરજણભાઇ

## કચ્છ શ્રી નરનારાયદેવ યુવમ મંડળ આયોજિત શ્રીમદ્ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણ

પ્રારંભ તા. ૨૨/૫/૨૦૧૩ થી તા.૨૬/૫/૨૦૧૩ સુખપર(રોહા) મધ્યે શ્રીમદ્ સત્સંગી જીવન પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદી સંતોના માર્ગદર્શન હેઠળ તથા ગામના સૌ સત્સંગીઓએ મળીને આ પારાયણનું ભવ્ય આયોજન કરેલ. પુરાણી સ્વામી શ્રી વિશ્વવલ્લભદાસજી તથા અન્ય સંતોએ બહુ જ મહેનત કરેલ. પુરાણી સ્વામી ભકિતવિહારીદાસજીએ વ્યાસપીઠે બિરાજી સરળ શૈલીમાં ભકતોને રસ પડે તે રીતે કથા સંભળાવેલ. સભાપતિ પુરાણી સ્વામી દેવચરણદાસજીએ ખૂબજ સરસ રીતે સભા સંચાલન કરેલ. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ કર્ણપ્રિય કીર્તનો સંભળાવી ભકતોને આનંદી કરેલા.

તા. ૨૫.૫.૨૦૧૩ના રોજ પ.પૂ.ધ.ધૂ. આર્ચાય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજે પધારી ભકતોને દર્શનનો લાભ આપ્યો હતો. શોભાયાત્રામાં ચોવીસી ગામની મંડળી, ખાસ કેરલાથી પધારેલ ગ્રુપ દ્વારા શિકારી માલમ નૃત્યુ રજુ કરવામાં આવેલ જે સમગ્ર શોભાયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતુ. આ ઉપરાંત ખાસ પંજાબથી પધારેલ બ્રાસ બેન્ડના સુરીલા સુરોએ ભાવિક ભકતોના મન ડોલાવ્યા હતા. પારાયણના આગલા દિવસે રાત્રે પ્રાન્તીય યુવા સત્સંગ સંમેલન કરવામાં આવ્યું હતું.

આમ સમગ્ર પારાયણનું યાદગાર આયોજન થયું. અને બધાજ ગામ વાસી ભકતો રાજી થયેલ.

અહે. કાનજીભાઇ દેવજી પીંડોરીયા

સદગુરુ સ્વામી ભકિતવલ્લભદાસજીની સેવાને બિરદાવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામીએ પણ સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા સ્વામી ઘનશ્યામ વિહારીદાસજી આ બંને સંતો રાત-દિવસ, સુખ-દુઃખ નહિ ગણીને જે સેવા કરે છે તો એમને શ્રીજી મહારાજ હજુ વધુ બળ આપે એવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે ભુજ, અમદાવાદ, ગાંધીનગર, અંજાર, માંડવી વિગેરે સ્થાનેથી સંતો પધાર્યા હતા.

આ નયન રમ્ય સુવિધા પૂર્ણ વિશ્રાંતિ ભુવનનું ઉદઘાટન ૨ થી ૩ મહિનામાં જ થશે. જેની જાણ સૌ ભક્તોને કરવમાં આવશે.

## ગામ માધાપર ૧૧૬મો વાર્ષિક પાટોત્સવ પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના તથા વડીલ માવિત્રો તથા પિતૃઓના રૂડા આશીર્વાદ થી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાસ મધ્યે મંદિરના ૧૧૬ મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન તા.૬.૬.૨૦૧૩ ને ગુરૂવાર થી તા.૧૦.૬.૧૩ને સોમવાર સુધી રાખવામાં આવેલ. આ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનાં યજમાનપદે પ.ભ.અ.નિ. રાધાબાઈ ગાંગજી રૂડા ડબાસીયા હસ્તે પુત્રવધુ કાન્તાબેન ઝીણાભાઈ ગાંગજી ડબાસીયા સહ પરિવાર તરફથી એમના મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે સંપૂર્ણ મહોત્સવનો લાભ લીધો હતો.

આ કથા પારાયણના વકતાપદે શા.સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુરાણી સ્વામી બ્રહ્મમુની દાસજીએ પોતાની સુમધુર વાણીથી શ્રીમદ્ શ્રી મુકતાનંદ કાવ્ય અંતર્ગત ઉદ્ધવગીતા અમૃતપાન કરાવી ભકતજનોને રાજી કર્યા હતા. એમની સાથે સંગીતના સુરમાં ઘનશ્યામજીવનદાસજી એન્ડ ગ્રુપે ભાગ લીધો હતો. આ કથા પ્રસંગે મંડળના વડીલ સંતોમાં સ.ગુ.પુ.સ્વામી કેશવપ્રસાદાસજી તથા સ.ગુ.સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ.પુ.સ્વામી કેશવજીવનદાસજી આદિ નાના મોટા સંતોએ કથાના પાંચે દિવસ હાજર રહી માર્ગદર્શન આપી યજમાન પરિવાર તથા સર્વે હરિભકતોને રાજી કર્યા હતા.

કથાના બીજા દિવસે રાત્રીના ૯ વાગ્યે ગામના બંને મંદિરમાં રાસોત્સવનુ આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો બાલમંડળના સભ્યો તથા નાના-મોટા હરિભકતોની સાથે બેન્ડ,ઢોલ,વાજીંત્ર સાથે સંતોના સાનિધ્યમાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવેલ.

કથા ના ત્રીજા દિવસે યજમાન પરિવારના ઘરે સંતોની પધરામણી કરવામાં આવેલ તથા મહોત્સવના જમણવાર પ્રસંગે તૈયાર થયેલ ભોજન પ્રસાદને ઠાકોરજીના થાળ માટે સંતોની પટેલવાડીમાં પણ પધરામણી કરવામાં આવેલ, તેજ દિવસે સાંજના ભાગમાં યજમાન પરિવાર તરફથી મંદિરના કમીટીના સભ્યો તથા એમના સગા સ્નેહી મિત્ર પરિવાર જનોને સંતોના વરદ હસ્તે પહેરામણી આપવામાં આવેલ. તેજ દિવસે રાત્રે ૯ વાગે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાન સંતો મારફત યુવા સંમેલનમાં ઘણા વિષયો ઉપર વિવેચન કરી સર્વને સંતોએ સદ્બોધ આપી રાજી કર્યા હતા આ પ્રસંગે ભુજ થી પણ શાસ્ત્રી કૃષ્ણ સ્વરૂપદાસજી તથા કોઠારી પાર્ષદ ખીમજી ભગત પધાર્યા હતા.

કથાના ચોથા દિવસે શ્રી નરનારાયણ દેવ પિઠાધિપતિ ધ.ધુ.પ.પુ.૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજશ્રીની તથા ઠાકોરજી ની ભવ્યતિ ભવ્યાજી શોભાયાત્રામાં મંડળીવારા, બેન્ડપાર્ટીવારા, પાલખીવારા યજમાનશ્રીઓ તથા સંતવૃંદ તથા કળશ ધારણ કરનારી બહેનો તથા સમગ્ર ગામજનો સાથે તથા ભકતજનો સાથે મહારાજશ્રી માર્ગમાં આવતાં શંકરમંદિર તથા રઘુનાથજી મંદિરમાં દર્શનાર્થે પધારી ભકતોને દર્શનઆપી રાજી કરતા આપણા મંદિરમાં પધારી કથા મંડપમાં વકતાશ્રીનું પૂજન કરી આસન

ભલામણ સાથે સૂચના આપી હતી. તેમજ વિસર્જીત થતી સમિતિ તેમજ નવ નિયુકત સમિતિના સભ્યોને પુષ્પહાર અર્પણ કરી સન્માન્યા હતા. નવી નિમાયેલી સમિતિઓ નીચે મુજબ છે.

અદયક્ષ : મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, પ્રમુખ : ખીમજીભાઇ રામજીભ ભુડીયા–દહિંસરા, ઉપપ્રમુખ : અરવિંદભાઇ લાલજી પિંડોરીયા–મિરજાપર, મંત્રી : શ્રીકરશનભાઇ રામજી હાલાઇ–સુખપર, સહમંત્રી : લાલજીભાઇ શીવજી હીરાણી–મિરજાપર, ખજાનચી : પાર્ષદ જાદવજી ભગત–ભુજ, સંચાલક : શા. સ્વામી શ્રી હરિવલ્લભદાસજી–ભુજ, સહસંચાલક : સંગીતકાર સ્વામી અક્ષરમુકતદાસજી–ભુજ, ટ્રસ્ટી : લાલજીભાઇ શીવજી રૂપાલીયા–સુખપર, લાલજીભાઇ નાથા વરસાણી–સામત્રા, નારાણભાઇ સામજી ગોરસિયા–રામપર, ગોવિંદભાઇ (કિંગ્સ કિચનવારા) રામપર, પુ. સ્વામી ભક્તિનંદનદાસજી – ભુજ, સ્વામી મુક્તમુનિદાસજી– ભુજ

શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ, ભુજ

અધ્યક્ષ : મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, પ્રમુખ : ભરતભાઇ પ્રાણલાલ મહેતા–ભુજ, ઉપપ્રમુખ : જનકભાઇ માધવલાલ ભટ્ટ–ભુજ, મંત્રી : વિનોદભાઇ મુરજી શીયાણી–ભુજ, સહમંત્રી : લાલજીભાઇ હરજી રાબડીયા–સુખપર, ખજાનચી : પૂ. પાર્ષદ જાદવજી ભગત–ભુજ, સંચાલક : શા. સ્વામી હરિવલ્લભદાસજી–ભુજ, સહસંચાલક : સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી–ભુજ, ટ્રસ્ટી : શ્રી કે.કે. હિરાણી–ભુજ, જગદિશભાઇ દેવશી વાઘાણી–સુખપર, નારાણભાઇ જેઠા વેલાણી–સુખપર, દિનેશભાઇ લક્ષ્મણ પિંડોરિયા–મિરજાપર, પુ. સ્વામી ભક્તિનંદનદાસજી–ભુજ, સ્વામી મુક્તમુનિદાસજી–ભુજ

સભાસંચાલન પોતાની આગવી શૈલીમાં શા.સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું. તેઓએ જણાવેલ કે ધર્મ, સંસ્કાર અને શિક્ષણના ત્રિવેણી સંગમ સમી આ સંસ્થામાં ત્રણ–ત્રણ આચાર્યો (ભરતભાઇ મહેતા, જનકભાઇ ભટ્ટ અને મગનભાઇ સુથાર)ના જ્ઞાન, અનુભવ અને શકિતઓનો લાભ સંસ્થાને મળશે જે આનંદની વાત છે. આભાર વિધિ બાદ સભાની કાર્યવાહીને વિરામ આપવામાં આવેલ.

અહેવાલ : સ્વામી અક્ષરમુકતદાસજી

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન (ગાંધીનગર) ભાટ વાસ્તૂપૂજન

તા.૭.૬.૨૦૧૩ ના રોજ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનનું ભુજ મંદિરના મહંત સ્વામી તથા પરમ પૂજય ધર્મધુરંધર આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા મોટા મહારાજશ્રી તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતોના સાનિદ્યમાં વાસ્તુપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આપણા સત્સંગીઓને સુવિધા પૂરી પાડવાના હેતુથી ગાંધીનગર(ભાટ) એરીયામાં અમદાવાદ એરપોર્ટથી માત્ર ૪ કી.મી. એટલે કે ગાડીથી પાંચ મિનિટના અંતરે આ વિશ્રાંતિ ભુવન તૈયાર થયું છે. તેમાં હરિભકતોને રહેવા–જમવાની સંપૂર્ણ સુવિધા કરવામાં આવી છે. સંતો તથા સાંખ્યયોગી બહેનો માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. સમુદાયમાં આવેલા હરિભકતો માટે હોલ પણ છે અને આવેલા ભકતો માટે પ્રાર્થના મંદિરની પણ વ્યવસ્થા છે.

અતિ વિસ્તૃત રમણીય વિશ્રાંતિ ભુવન પ માળનું બનેલું છે. નીચે બેઝમેન્ટમાં પાર્કીંગ છે. ૧૧૦ રૂમો છે. એ.સી. નોન એ.સી.રૂમોની પણ વ્યવસ્થા ગોઠવેલી છે. હરિભકતોને એરપોર્ટથી લઇ જવા લાવવા તથા અન્ય જરૂરિયાત માટે ગાડીની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

આ પ્રસંગે પરમ પૂજય આચાર્ય મહારાજશ્રી અને મોટા મહારાજશ્રીએ ભુજ મંદિરની કચ્છના સત્સંગને જાળવવાની મહેનતને આવકારી હતી અને

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તા.૨૨.૪.૨૦૧૩ના રોજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ મધ્યે ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. આ સભામાં સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ શ્રી જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ.ગુ.સ્વામી માધવપ્રસાદજી સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી ઉપકોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, શાસ્ત્રી સ્વામી ઉત્તરચરણદાસજી આદિ સંતો, ભુજ મંદિરના ટ્રસ્ટીઓ, વિદ્યાર્થી ભવનના અને કેળવણી મંડળના હોદેદારો, અગ્રગણ્ય હરિભકતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે સંતોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજ તથા શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ,ભુજ ની સમિતિઓની મુદત પૂર્ણ થતી હોવાથી નવી સમિતિની નિમણૂંક માટે આ સભા બોલાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીભવનના પ્રમુખ પ.ભ.શ્રી.મુરજીભાઇ શિયાણી તથા કેળવણી મંડળના પ્રમુખ પ.ભ. શ્રી કરસનભાઇ ઝીંણા તેમજ બંને સમિતિના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સંગીતકાર સ્વામી અક્ષરમુકતદાસજીના સુમધુર સ્વર સાથે પ્રાર્થનાથી કાર્યક્રમનો મંગલપ્રારંભ થયો હતો અને તેમને તબલા વિશારદ સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ સુંદર સંગત કરી વાતાવરણ ભકિત સંગીતમય બનાવ્યું હતું.

શરૂઆતમાં વિદ્યાર્થીભવનના મંત્રી પ.ભ. શ્રી અર્જુનભાઇ દબાસીયાએ ગત સામાન્ય સભાની મિટીંગની મિનીટનું વાંચન કરેલ, જે સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. કેળવણી મંડળના મંત્રી પ.ભ.શ્રી પ્રવીણભાઇ પીંડોરીયાએ સ્વાગત પ્રવચન સાથે પ્રગતિ અહેવાલ રજૂ કરેલ શ્રી મુરજીભાઇ શિયાણીએ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓની સંખ્યા બાબત પરિસ્થિતિ અને સંજોગોની વાત કરી હતી અને સંખ્યા બાબત સ્પષ્ટતાઓ કરી હતી.

વડીલ સંતો પૈકી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તેમજ કોઠારી પાર્ષદ શ્રી જાદવજી ભગતે સંસ્થાના વિકાસ અને સમિતિએ કરેલી કાર્યવાહીને પોતાના ઉદ્‌બોધનમાં સમાવી લઇ પ્રસન્નતા પૂર્વક રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંચાલક શા.સ્વામી હરિવલ્લભદાસજીએ બંને સમિતિની કાર્યવાહી અંગે સંતોષ વ્યકત કરી નવી સમિતિઓ પણ નિષ્ઠાપૂર્વક ખંતથી કામ કરી સંસ્થાનું ગૌરવ વધારે એવો અનુરોધ કર્યો હતો.

અધ્યક્ષસ્થાને શ્રી મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીએ સમિતિએ કરેલી કાર્યવાહી બદલ સમિતિઓના સભ્યોને બિરદાવ્યા હતા, અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. સાથો સાથ નવનિયુકત સમિતિના સભ્યોના નામની ઘોષણા કરી તે અંગે સામાન્ય સભામાં ઉપસ્થિત સભ્યોના મત અને અભિપ્રાય માટે વાત કરતાં ઉપસ્થિત સર્વે સભ્યોએ પ.પૂ.મહંત સ્વામીએ જાહેર કરેલ નામોને સર્વાનુમતે સ્વીકૃત કરતાં નવી સમિતિઓની રચના કરવામાં આવી હતી. નવી સમિતિમાં વરાયેલા સભ્યોને આશીર્વાદ આપતાં મહંત સ્વામીએ સોંપાયેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક અને ખંતપૂર્વક અદા કરી સંસ્થાનું ગૌરવ વધે એ રીતે કાર્યવાહી કરવા

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પ્રસાદી મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ

તા.૨૯.૫.૧૩ બુધવારના રોજ સવારે વેદોકત મંત્રો સાથે બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડષોપચાર મહાભિષેક કરવામાં આવ્યો હતો.

જે અભિષેક દર્શન કરવા માટે દૂર દૂર ગામોમાંથી સત્સંગી હરિભકતો દોડી આવ્યા હતાં. અભિષેક બાદ પ્રસાદી મંદિરમાં બિરાજમાન દેવોની આગળ છપ્પન પ્રકારની વાનગીઓથી સુશોભિત અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. બરાબર ૯.૦૦ વાગ્યે મહાઆરતીના રૂપમાં અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. ત્યાર પછી સભામંડપમાં વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાસ્ત્રી સ્વામી ભકિતવિહારીદાસજીના વકતાપદે ભકિતનિધીની કથાનું સુંદર રસપાન કરાવ્યું હતું. કથામાં દર્શન દેવા પધારેલા મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાનશ્રીઓને તથા શ્રોતાજનોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને યજમાનશ્રીઓની ભુજ શ્રીનરનારાયણદેવ પ્રત્યેની દ્રઢ નિષ્ઠાને બીરદાવી હતી. સભાખંડમાં ધુન–કિર્તન કરી ઠાકોરજીનો મહાપ્રસાદ લઇ સહું છૂટાપડયાં હતા.

શ્રી ઘનશ્યામ મહારાજના દ્વિતીય વાર્ષિક પાટોત્સવના યજમાન પદે ગામ રવાપર હાલે નડીયાદ નિવાસી પ.ભ.શ્રી.પુરૂષોત્તમભાઇ હરજી વરસાણી સુપુત્ર ધરમશીભાઇ તથા હિંમતભાઇ આદિ સહ પરિવાર રહયા હતા.

## શ્રી ઘનશ્યામલીલામૃત સાગર પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

તા.૩૦.૫.૧૩ થી તા.૩.૬.૧૩ સોમવાર સુધી ભુમાનંદ સ્વામીકૃત શ્રીમદ્ ઘનશ્યામલીલામૃત સાગર પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમનાં યજમાન પદે ગામ : કોડકીના અ.નિ.સાંખ્યયોગી ગૌરબાઇ ફઇના શિષ્ય મંડળ તેમજ ગામના સાંખ્યયોગી બહેનો તથા ગામના હરિભકતો રહયા હતા.

કથાના વકતાપદે સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી સુખનંદનદાસજી તથા સ્વામી રામકૃષ્ણદાસજી વગેરે ચાર–ચાર વકતાઓએ પોતાની સુમધુર વાણીમાં શ્રી ઘનશ્યામ મહારાજનાં બાળચરિત્રોની કથા સંભળાવી હતી. દરરોજ કથા વિરામ બાદ સંતોના આશીર્વાદ સભાસદોને પ્રાપ્ત થતા. બાળ ચરિત્રો સાંભળીને દરેક શ્રોતાજનોના હૃદયો ભકિતથી રંગાઇ ગયા હતા. કથાના છેલ્લા દિવસે પ્રસાદી મંદિરના મહંત સ્વામીએ કથાના યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ : સાધુ કૃષ્ણવલ્લભ દાસજી–ભુજ

# માંગરોળના જમાદાર જમપૂરિમાં

– જોધાણી રમીલા દેવજી(માનકુવા)

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ માંગરોળ ની દિવ્ય તીર્થભૂમીમાં અજોડ, અલૌકિક દિવ્યલીલા ચરિત્રો કર્યા છે. માંગરોળ ના એક મુસલમાન હરિભક્ત વિશે પ્રસંગ જોઇએ.

સંતો અને હરિભકતોની સભા ભરાઇને બેઠી છે. સૌ સંતો ભકતો પ્રગટ પ્રભુના દર્શન કરતાં કરતાં એકાગ્ર મનથી કીર્તન સાંભળી રહયા હતા એવામાં માંગરોળના નવાબ સાહેબ પોતાની કચેરીના અમલદારોને સાથે લઇને ત્યાં આવ્યા અને પ્રણામ કર્યાં. હે ભકતો ! શ્રી હરિ એ પણ ગામના રાજા જાણીને વિવેકથી સન્માન કર્યું પોતાની બાજુમાં ખુરશી પર બેસાડયા તેમની બાજુમાં એમનો જમાદાર બેઠો. એની પાછળ રાજના અમલદારો બેસી ગયા. શ્રી હરિ જાણી ગયા કે નવાબ સાહેબ સમાધિ જોવા અને જાણવા આવ્યા છે. તેની ઇચ્છા પૂરી કરવા માટે સિંહાસને બેઠા બેઠા જ જમણા હાથનું લટકુ કરી સામે વાવની પાસે કબૂતરને સમાધિ થઇ ગઇ. તેને નવાબ વજરુદીને જમાદારે જોયા. તે સમયે જ શ્રી હરિએ ફરીથી હાથનું લટકુ કર્યું એટલે દરેક કબૂતર ઉડીને આંબલીના વૃક્ષ પર બેસી ગયા.

હે ભકતો ! શ્રી હરિનું આવું ઐશ્વર્ય જોઇ જમાદાર હતા તેણે મનમાં સંકલ્પ કર્યો મને જો નવાબ સાહેબ હુકમ કરે તો આ સ્વામિનારાયણ જાદુના ખેલ કરી બધાને ભરમાવે છે તેને પકડીને માંગરોળ બહાર કાઢી બીજા ગામમાં મૂકી આવું હે ભકતો ! સર્વના નાડીપ્રાણ જેમના હાથમાં છે એવા પ્રગટ પ્રભુએ અંતર્યામી પણે જમાદારના મનમાં થતાં ઘાટ જાણ્યા તેથી સંકલ્પ કર્યો એટલે તરત એ જમાદારને સમાધિ થઇ ગઇ અને ધરતી પર ઢળી પડયો ! સમાધિમાં તે યમપૂરીમાં ગયો. ત્યાં યમદૂતો તેને ખૂબ મારવા લાગ્યા. તેના કારણે પૃથ્વી પર પડેલ તેનો દેહ ઉછળવા લાગ્યો. આવું વિચિત્રપણું જોઇને સંતોએ પૂછયું : 'હે પ્રભુ ! આને શું થાય છે ? એનો દેહ કેમ પછળાય છે ?'' ત્યારે પ્રભુ કહેવા લાગ્યા... ''હે સંતો ! આ જમાદાર અમારા વિષે અવળાં સંકલ્પો કરતો હતો તેના કારણે યમપૂરીમાં ગયો છે અને ત્યાં યમદૂતો તેને માર મારે છે. તેના કારણે તેનો દેહ ઉછળે છે.''

હે ભકતો ! ત્યારબાદ શ્રી હરિ એ સંકલ્પ કર્યો એટલે તે સમાધિમાંથી જાગૃતિમાં આવ્યો. તુરંત ઊભા થઇને શ્રી હરિજીના પગમાં પડીને પ્રાર્થના કરવા લાગ્યો : 'હે પ્રભુ ! મારા ગુના માફ કરો. તમે તો મહાન છો. મેં તમોને જાદુગર માનીને કાઢી મૂકવાના સંકલ્પો કર્યા હતા. પણ આપ તો સાક્ષાત્ ખુદા છો. માટે મને માફ કરી દો.'

હે ભકતો ! જમાદારનું હૃદય પરિવર્તન થઇ ગયું હતું અને પોતે પસ્તાવા લાગ્યા. તેમજ હરિ પ્રત્યે ભગવાન પણાનો ભાવ ઉત્પન્ન થઇ ગયો હતો. તેથી શ્રી હરિ એ તેમને કહ્યું : '' જમાદાર ! આ વખતે તો અમે જીવની કરણી જોવાના નથી. પણ અજ્ઞાનની જીવો પરકૃપા કરવા પ્રગટ થયા છીએ, માટે તમારા અપરાધ માફ કરીએ છીએ. હવે તમો નિર્ભય થઇ જાઓ. હવે તમોને યમદૂત નહિ મારે.


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

આપણું મૃત્યુ લોક આ લોક છે. અત્રે માનવને માનવ સંબંધિત વ્યવહાર છે. જેવો જેનો સમાજ અને વ્યવહાર તેવું તેમનું લેન–દેન. રાગ દ્વેષ તો આવા આ લોકી લેન–દેન માંજ સમાયેલા છે.

"વજન–કાંટા વ્યવહારનાં,
આજે ઢળ્યાં અહીં, કાલે નહીં,
તોલમાપની ચડ–ઉતર
ભીતર કરે તિતર–બિતર"

આવી ભારોભાર સ્વાર્થમય આપલેમાં માનવના હાથમાં અંતે આવે 'શૂન્યમાં લપેટાયેલાં રાગ–દ્વેષ'આધ્યાત્મિક સત્સંગીને સવાલ ઉઠે કે, શું ચોર્યાશી લાખ યોનીઓ વટાવીને મનખા દેહ આ મેળવવા માટે લીધો છે ? ને વધારામાં માનવ મનની ભીતરમાં આ લોક એટલે કર્મભૂમિવાળું મૃત્યુલોક. અગાઉના જન્મો વખતે પણ આ જીવે કોણ જાણે કેટકેટલાં સારાં–બૂરાં કર્મો કર્યા હશે.....? આપણને આની કોઇ જાણ નથી કેમકે પરમાત્માએ પૂર્વ જન્મો અને આવનારા જન્મો બન્ને પર પડદા પાડી દીધા છે. માટે આ વર્તમાન જીવનમાં માનવમાટે એ સવાલ તેને મૂંઝવી રહયો છે કે – અગાઉના સંચિત કર્મોનું નિવારણ કરી આ જન્મે સુખિયા કેમ થવું ?

મહારાજ આજ સવાલનો ઉકેલ સત્‌શાસ્ત્રોના પાલનમાં સમાયેલો છે તે સમજાવે છે. સદીઓના અનુભવે એવું સ્પષ્ટ દેખાયા કરે છે કે, વાચન, શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી સત્સંગી તેમના જીવનમાં મોટા બદલાવ લાવી રહયા છે. તેમના આચાર, વિચાર અને વર્તન–વ્યવહાર તેમના મન–બુદિધ–ચિત્તને સુમાર્ગગામી બનાવી રહયા છે અને તેના પરિણામે તેમનો અહંકાર સાત્વિક દિશાભણી ગતિમાન થતો રહયો છે.

જન્માંત્તરોના અનંતાનંત સંચિત કર્મો લઇને જન્મેલાઓને મહારાજે આમ સત્‌શાસ્ત્રોના આચરણ દ્વારા ઘડતાં ઘડતાં વર્તમાન જન્મમાં પણ તેમના ક્રિયમાણ કર્મો વિષે જાગૃતિ આણી, સ્વયં સંચાલિત પ્રશ્ચાતાપની પ્રક્રિયામાં પ્રવાહિત કરી તેમનાં શ્રદધા, વિશ્વાસના પાયા મજબૂત કરી શુદિધવાન – બુદિધવાન બનાવી 'સો ટચના સોના – જેવા પૂર્ણ બનાવતા રહયા છે.'

આ સમગ્ર પ્રક્રિયાનું સીધું અને સાત્વિક પરિણામ આવે છે – આ જન્મમાં સુખિયાં થતાં થતાં આવનારા પરલોકમાં પણ સુખના સમુદ્રમાં હીલોળતા થશે જ. અને લેન–દેનવાળા 'વ્યવહારાજ' ને સ્થાને 'શ્રીજી મહારાજ' અને 'સુખિયારાજ' ના દવજો લહેરાતા જશે, ત્યારે સત્સંગીઓ કહી ઉઠશે –

'હમ તો સંસાર કી ઝહરીલી'
સાંસ લેતે જીતે જા રહે થે,
મહારાજે શુદ્ધ–પ્રાણ લેના
સીખાદિયા, હમારી બાત બન ગઇ."

– તોયે પણ અવઢવમાં હોય તેમને પૂછપૂછની હેડકી ઉપડે, ને પૂછી પણ બેસે....

"કોણે જોયો છે પરલોક ?
માણી લ્યો ભરપૂર આ લોક,
લૂટી આજ લૂટાય એટલું,
કાલનું વિચારે એ વેવલું."

માનવનું મર્કડ વેણ કરતું અતિ ચંચળ મન મળેલા મોઘેરા મનુષ્ય દેહને ભ્રમિત કરી ફરી પાછું ચોર્યાશીના વિષચક્રમાં ધકેલે ને પહેલાં શ્રીજી મહારાજ સચ્છાસ્ત્રના ઝંડા–લહેરાવીને સત્સંગીઓ ઉપરાંત સર્વ માનવ જાતને સાવધાન કરે છે.

"આવો કુવિચાર લેશે ભોગ
કરશે માનવ જીવન ફોક !
પછી શું રાજીપો ને શું શોક ?
મૂર્ખ પામે ચોર્યાશી નો ઝોક !"

શિક્ષાપત્રી જીવને ભગવાનમાં જોડનારી સિલ્વર કોર્ડ.... છે.

કરો. સંત–સમાગમ કરો.

આમ, સ્વામી એ ખોડાભાઇ વતી પ્રાર્થના કરીને મહારાજ ને વિનંતી કરી કે તેઓના ગુન્હા માફ કરી ને વ્યવહારે સુખી કરો. સંતો ની વિનંતી અને પ્રાર્થનાથી મહારાજ રાજી થયા ને ખોડાભાઇનું પ્રારબ્ધ બદલી નાખ્યું. ને સુખીયા કરી દીધા.

આમ, મહાન સંતોના આશીર્વાદથી ખોડાભાઈનું ભૂંડું પ્રારબ્ધ રૂડું થયું. ભગવાને તેના ઉપર દયા લાવી સત્સંગમાં જન્મ ધરાવી પોતાના એકાંતિક ભકત બનાવ્યા.

# સંસારમાં રહેવાની રીત

– ગોર કૃપા પ્રકાશભાઇ – ભુજ

એક શિષ્યે પોતાના ગુરુને પૂછયું : ‘મહારાજ !’ સંસારમાં રહેવાની ઉત્તમ રીત કઇ છે ? ગુરુ એ કહ્યું આનો જવાબ એક–બે દિવસમાં આપીશ, બીજા દિવસે ગુરુજી પાસે એક ભક્ત ફળ અને મિઠાઇ લઇને આવ્યો બધી વસ્તુ સંતની પાસે મૂકી પ્રણામ કર્યા. પણ ગુરુજીએ એની સાથે વાત પણ કરી નહીં અને પીઠ ફેરવીને બધાં ફળો અને મીઠાઇ ખાઇ ગયા. પેલા ભકત વિચારવા લાગ્યો. ‘આ કેવા ગુરુજી છે ? બધી વસ્તુતો ખાઇ ગયા પરંતુ મારી સામે જોતા પણ નથી તે ગુસ્સે થઇ ઉભો થઇ જતા રહ્યા તે ગયા પછી ગુરુજીએ પૂછયું : ’તે ભાઇ શું કહેતા હતા ? શિષ્યે કહ્યું ‘ગુસ્સામાં હતા અને કહયું મારી બધી વસ્તુ ખાઇ ગયા, પરંતુ મારી સાથે વાત પણ કરી નહીં. ત્યારે ગુરુજીએ કહ્યું : તો સાંભળ ! સંસારમાં રહેવાની આ રીત બરાબર નથી. બીજા દિવસે બીજા ભકત ગુરુજી માટે ફળ અને મીઠાઇ લાવ્યા. ગુરુજીએ તે ફળ અને મીઠાઇ બહાર ફેંકી દીધા અને તે ભકત સાથે સારી સારી વાતો કરવા લાગ્યા પણ પેલો ભકત મનથી ગુસ્સામાં હતો તે જતો રહયો પછી ગુરુજી એ પૂછયું, ‘આ ભકત પ્રસન્ન હતા કે નહિ ? શિષ્યે કહયું : નહિં ગુરુજી ! તે પણ ગુસ્સામાં હતા અને કહેતા હતા કે ‘મારી વસ્તુઓનું અપમાન કર્યુ છે. પછી ગુરુજી એ કહયું, તો સાંભળ સંસારમાં રહેવાની આ રીત પણ બરાબર નથી. પછીના દિવસે એક ભકત ગુરુજી માટે ફળ અને મીઠાઇ લાવ્યા હતા. તે સામે બેસી ગયા ગુરુજી એ ઘણા સ્નેહથી વાતો કરી અને લાવેલી વસ્તુઓ આજુબાજુમાં બેઠેલા લોકોમાં વહેંચી થોડી મીઠાઇ તે ભકત ને પણ આપી, થોડી ગુરુજીએ પણ ખાધી ભકત સાથે ગુરુજીએ સારી સારી વાતો કરી જયારે તે ભકત ગયા પછી ગુરુજી એ પૂછ્યું,‘ આ ભકત પ્રસન્ન હતા કે નહિં ? શિષ્યે કહયું : ગુરુજી ! એ તો ખૂબજ પ્રસન્ન હતા તમારી ઘણી પ્રશંસા કરતા હતા અને કહેતા હતા કે આવા ગુરુજી બહુ ઓછાને મળે ત્યારે ગુરુજી બોલ્યા : ‘સંસારમાં રહેવાની યોગ્ય રીત આ છે ભગવાને તમને જે કંઇ આપ્યું છે તે ને વહેંચી ખાઓ, ત્યાગની ભાવનાથી જીવો. પ્રેમભાવ રાખો, મીઠી વાણી બોલો અને ભગવાન ઉપર શ્રધ્ધા રાખો.’

# સત્શાસ્ત્ર પ્રીતિ આ લોક પરલોક સુધારે....

– હિંમત ઠકકર ‘રઘુવંશી’

યે પાલયન્તિ મનુજાઃ સચ્છાસ્ત્રપ્રતિપાદિતાન ।
સદાચારાન્ સદા તે અત્ર પરત્ર ચ મહાસુખઃ ॥

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી લખતાં બે હેતુઓ બતાવેલ છે. જે મનુષ્યો સચ્છાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા સદાચારનું પાલન કરે છે તે આ લોક અને પરલોકમાં મહાસુખી થાય છે.

‘એક હાથથી લે તો બીજાથી દે,
આ છે વ્યવહારુ આ લોક :
ન લે, ન દે ને આનંદમાં ‘રે
આ છે દિવ્ય નામ પર લોક ’

આપો તે ઘણું સમજી લે છે આપણા શાસ્ત્રકારો કહે છે કે તારી પાસે બીજું કાંઈ ન હોય તો વાંધો નહીં. એકાદ ફૂલ લઈને તેની પાસે જા. કૃતજ્ઞતાના પ્રતિક તરીકે તેને ચરણે યથાશક્તિ દક્ષિણા આપવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા, ગુરુના ચરણમાં આપણે જે કંઈ પણ ધરીએ તે જો ગુરુ દ્વારા સ્વીકાર્ય બને તો તેમાં આત્મકલ્યાણ સમાયેલું છે. ગુરુની આજ્ઞા પ્રમાણે આપણે જીવન જીવીએ તો આપણે જીવનમાં સુખી થઈએ, તે જ ગુરુનું સાચું પૂજન ગણાશે.

ગુરુનું પૂજન કરવાની સાથે ગુરુણાંગુરુ એવા 'સહજાનંદ ગુરું ભજે સદા' શ્રીજી મહારાજ જ આપણે માટે સર્વસ્વ હોવું જોઈએ અતિ ગુરૂના પ્રાધાન્યથી આ સત્સંગમાં ભગવાન ગૌણ થયા છે તેની નોંધ દરેક સત્સંગિઓએ લેવી. અને એટલા માટે જ ગુરૂનો ૧ દિવસ છે જયારે ભગવાન માટે ૩૬૫ દિવસ છે.

# ઝીંઝર ના ખોડાભાઇ

– તેજસ મુળજીભાઇ ચાવડા–અંજાર

સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ સંત કૃપાથી પામીએ પુરણપુરૂષોત્તમ ધામ ઝીંઝરના ખોડાભાઇ દરબાર બહુ જ સારા હરિભકત હતા.પરંતુ તેઓની પરિસ્થિતિ બહુજ ગરીબ હતી. મહારાજ તેઓના ગામે અનેકવાર સંતો સાથે પધાર્યા છે. તેઓ સત્સંગ શીર સાટે રાખતા. એક વખત સદગુરુ ગોપાળાનંદ સ્વામી મંડળ સહિત ઝીંઝર ગામે પધાયા. ખોડાભાઇ દર્શને આવ્યા અને પૂછયું : હે સ્વામી ! આજે કોની રસોઇ છે. સ્વામી એ કહ્યું : દરબાર હજુ કોઇ નું નકકી નથી થયું. હજુ હરિભક્તો આવશે ત્યારે નકકી થાશે, ખોડાભાઇ એ કહ્યું સ્વામી, તો આજે મારી રસોઇ રાખો. સ્વામી કહે ! દરબાર તમારો વ્યવહાર દુર્બળ છે. તમે રહેવા દો. સ્વામીનું આવું કહેવાથી ખોડાભાઇ ગદ્‌ગદિત થઇ ગયા. અને રડવા લાગ્યા. ત્યારે સ્વામીએ રાજી થઇને કહ્યું જાઓ, અને કાચું સીધું લઇ આવો.

ખોડાભાઇ ઘરે જઇ ને પોતા પાસે પૈસા તો ન હતા પણ પોતાની સોના–ચાંદી મઢેલી તલવાર હતી. તે લઇ વાણિયાને ત્યાં ગીરો મૂકીને, ઘી, ખાંડ, ગોળ, શાક લઇ આવ્યા. ને સ્વામીને અર્પણ કર્યું. રસોઇ બનાવી સંતો એ ઠાકોરજીને જમાડયા. ખોડાભાઇને પણ પ્રસાદ આપ્યો. ગોપાળાનંદ સ્વામીએ સંતોને કહ્યું કે... સંતો ખોડાભાઇ વ્યવહાર દુર્બળ છે. અને તેઓનો વ્યવહાર સુધરે તથા સુખી થાય એ માટે મહારાજ પાસે પ્રાર્થના કરી અને આજનું જે પણ પુણ્ય છે. તે તેઓને મળે અને તેમનું રૂડું થાય. એટલે એમનો વ્યવહાર સુધરે.

સંતો એ સ.ગુ.ગોપાળાનંદ સ્વામી ને પૂછયું હે સ્વામી ! ખોડાભાઇ મહારાજના એકાંતિક ભક્ત છે. તો તેઓ આટલા ગરીબ કેમ ? ત્યારે સ્વામી એ સંતોને કહ્યું કે તેઓ પૂર્વ જન્મમાં સેવકરામ નામના સાધુ હતા. શ્રીજી મહારાજ વર્ણી વેશે વનમાં વિચરણ કરતા હતા. ત્યારે તેમનો ભેટો આ સાધુ સેવકરામ સાથે થયો હતો. તેઓ માંદા હતા. તેથી મહારાજને તેમના પર દયા આવી ને તેમની સેવા કરી પણ તે સેવકરામે કયારે મહારાજ ને પોતાનામાંથી જમવાનું કે પૈસા ના આપ્યા આમ, મહારાજે ખૂબ સેવા કરી પણ છતાં મહારાજને કંઇ ના આપ્યું.

જે વ્યકિત પોતાની પાસે ધન હોવા છતાં પરોપકારમાં વાપરતો નથી અને કોઇ એ સેવા કરી હોય તેને પણ પોષતો નથી તે બીજા જન્મમાં ગરીબ થાય છે. અને ખૂબ જ ગરીબી ભોગવે છે.

સ્વામી આ વાત કરતા હતા. ત્યારે ખોડાભાઇ સાંભળી ગયા. તેમને બહુ દુઃખ થયું અરે ! હું કેવો અભાગીયો કે મને મહારાજ મલ્યા, પણ તેમને ઓળખી ના શકયો અને ઉપરથી સેવા કરાવી, મારી પાસે ધન હોવા છતાં મેં ના આપ્યું મારા જેવો કૃતઘની બીજો કોણ ? સંતોના ચરણમાં ઢળી પડયા.

સ્વામી એ આશ્વાસન આપી ને કહ્યું કે મહારાજ બહુ દયાળુ છે, તેઓને પ્રાર્થના કરો રાજી થઇ જશે. અને પાછા તમારા ઘરે ઘણી વખત આવી ગયા છે. માટે ઉદ્‌વેગ ના કરો અને મહારાજનું ભજન

# ગુરુ પૂર્ણિમા

- જનકભાઈ એમ. ભટ્ટ

શ્રીમદ્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના પંચમ પ્રકરણમાં ધર્મનો ઉપદેશ કરતા શ્રી સ્વામિનારાયણ ભગવાને ગૃહસ્થજનોને માટે માતા–પિતા–ગુરૂજનોનું સન્માન કરવા નિરૂપણ કરેલ છે.

અષાઢ સુદ પૂનમ એટલે વ્યાસપૂજાનો દિવસ છે. આ પવિત્ર દિવસે સંસ્કૃતિના ઘડવૈયાનું પૂજન કરવામાં આવે છે. સંસ્કૃતિનું ઘડતર અનેક ઋષિઓએ કર્યું હતું. પરંતુ વેદવ્યાસે બધા વિચારોનું સંકલન કરી સંસ્કૃતિના જ્ઞાનકોષરૂપ મહાભારત ગ્રંથ આપ્યો (મુનિનામપ્યહમ્ વ્યાસઃ) આમ કહીને ભગવાન શ્રી કૃષ્ણે તેમને બિરદાવ્યા છે. વ્યાસજીને આપણે હિંદુધર્મના પિતા માની શકીએ.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું અનેરું મહત્ત્વ રહેલું છે. ગુરુનો હાથ પકડીને શિષ્ય પોતાનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે ગુરૂને મોટું સ્થાન આપવામાં આવેલ છે.

ગુરુ બ્રહ્મા છે. તેનું કારણ છે. તે શિષ્યને તૈયાર કરે છે. તેને આકાર આપે છે. ગુરુ વિષ્ણુ પણ છે, કારણ કે, તે રક્ષણ–લાલન–પાલન કરે છે. ગુરુ મહેશ્વર મહાદેવ છે. કારણ કે તે શિષ્યોના દોષોનો સંહાર કરે છે. 'ગુ' નો અર્થ અંધકાર, 'રુ' નો અર્થ અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવનાર તેવો થાય છે, એટલે જીવનમાં અંધકાર દૂર કરનારો ગુરુ જેના દ્વારા જ્ઞાન અને શિક્ષા તેમજ સંસ્કાર પ્રાપ્ત થાય તે ગુરુ. ગુરુનું કાર્ય અત્યંત પવિત્ર અને પ્રસંશનીય છે. શિષ્યના હૃદયમાં રહેલા વિકારો દૂર કરી તેનું અંતઃકરણ સ્વચ્છ દર્પણ જેવું ગુરુ બનાવે છે.

પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યકિતની આવશ્યકતા રહેલી છે. આ વ્યકિત એટલે જ ગુરુ. સંયમની પ્રેરણા ગુરુના જીવનમાંથી મળે છે. ગુરુ એટલે જે લઘુને ગુરુ બનાવે તે ગુરુ.

ગુરુ હંમેશા પ્રભાવશાળી હોવો જોઈએ. જીવનના લપસણા પ્રવાહો વચ્ચે પણ સંયમિત અને સ્થિર રહી શકે તે ગુરુ શિષ્યને સ્થિર બુદ્ધિ સાથે વિપરીત પરિસ્થિતિ અને સંજોગોમાં માર્ગ મેળવવાનું માર્ગદર્શન આપી શકે તે ગુરુ.

સંયમ થકી શક્તિનો સંગ્રહ થાય છે અને એ શક્તિ થકી માનવી ધ્યેયની સમીપ પહોંચી જાય છે અને સાક્ષાત્કાર થાય છે.

ગીતાના વચનાનુસાર શિષ્યમાં નમ્રતા, જિજ્ઞાસા અને સેવાનો ગુણ હોય તો જ ગુરુપાસે રહેલું જ્ઞાનામૃત પી શકે છે. તે માટે શિષ્યોએ ગુરુને સમર્પિત થવું પડે.

ગુરુની તુલના કુંભાર સાથે કરવામાં આવેલ છે. અને શિષ્ય કાચી માટીના કુંભ સમાન છે. જેમ કુંભાર ઝીણી ઝીણી ખોડ કાઢી નાખીને ઘડાને બરાબર આકાર આપવા માટે ટપલાં મારે છે તેમ ગુરુ પણ શિષ્યની નાની–નાની ભૂલો બતાવીને તેના જીવનને ધારેલો આકાર આપે છે. કુંભારનો બીજો હાથ કુંભની અંદર હોય છે. તેમ ગુરુ પણ શિષ્ય ઉપર અંતરથી પ્રેમ જ કરતા હોય છે.

ભારતમાં ગુરુ પરંપરા હતી. અને છે. 'હું કોઈનો છું' આ મધુર ભાવ તેમાં રહેલ છે. આ ભાવનામાં કૃતજ્ઞતા રહેલી છે. આ વિશ્વમાં હું એકલો નથી. મારું કોઈ છે. એની સ્નેહાળ હૂંફ રહેલી છે.

વિદ્યા ગુરુ પાસેથી માણસ જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરે છે. જ્યારે ધર્મગુરુ માણસને ધર્મકાર્યમાં દીક્ષા આપે છે.

સંક્ષેપમાં ગુરુભક્તિ, ગુરુપૂજન એ જ્ઞાનનું પૂજન છે જ્ઞાનના સૂર્ય, પ્રેમના સાગર અને શાંતિના હિમાલય એવા ગુરુનું આ દિવસે પૂજન કરવાનું હોય છે. ગુરુ પૂજન એટલે સત્યનું પૂજન ગુરુ પૂજન એ અનુભવોનું પૂજન છે રખે કોઈ એમ સમજે કે ગુરુપૂજા એટલે વ્યકિતનું પૂજન છે. ગુરુ પૂજન એટલે ગુરુએ પ્રાપ્ત કરેલી દિવ્ય અનુભૂતિનું પૂજન છે. જ્યાં સુધી માનવીને જ્ઞાનની ભૂખ રહેલી છે. જ્ઞાન માટે આદર છે. ત્યાં સુધી ગુરુ ભક્તિ પૂજા રહેવાની છે.

ગુરુની વિશિષ્ટતા એ છે કે તેને ગમે તે

ધાર્મિક વિધિવિધાનના નામે, ધાર્મિક ઉત્સવોમાં ધર્માભાસ આવતો ગયો. અર્થાત્ કૂરીવાજો, અંધશ્રદ્ધા, ધાર્મિક લોકોમાં આવી ગઇ હતી તેને દૂર કરવા માટે સ્વયં વિષ્ણુ નારાયણે ભગવાન બુદ્ધરુપે કળિયુગના પ્રારંભથી પચીસ સો વર્ષ પછી અર્થાત્ આજથી પચીસ સો વર્ષ પહેલાં અવતાર લીધો.

આ સમયે ઉપર જણાવ્યા મુજબ લોકોમાં ધાર્મિકતા, ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા, ધાર્મિક વિધિ કરવામાં ઉત્સાહ વગેરે ઘણો હતો પરન્તુ આ બધી ક્રિયામાં કૂરીવાજો, ખોટી માન્યતાઓ અને અન્ધશ્રદ્ધાઓ ભળિગઇ હતી. તેથી સાચી વૈદિક શાસ્ત્રીય પરંપરા તેમજ સાચા માનવતાના ગુણો રુપ જે દયા, કરુણા, પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, પરસ્પર સૌહાર્દ જેવા ગુણો વિકૃત થઇ ગયા હતા. તેને દૂર કરવા અને સાચી માનવતાના ધર્મો સ્થાપવા માટે બુદ્ધના રૂપમાં સ્વયં ભગવાન પૃથ્વી પર પધાર્યા. તેમણે લોકોમાં જોયું કે વેદાદિ શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા બહુ છે તેમજ ધાર્મિક વિધિ કરવામાં પણ શ્રદ્ધા તો બહુ છે પરન્તુ વિકૃત રુપમાં છે તેથી તેને દૂર કરવી જરૂરી છે.

ભગવાન બુદ્ધનું બાળપણ તેમજ તેમના જીવન અને સાધના વિષે આપ સૌ જાણતા હશો તેથી આંહિ તેમનો વિશેષ ઉલ્લેખ નથી કરતો. ભગવાન બુદ્ધે લોકોમાં જોયું કે લોકોને વેદાદિ શાસ્ત્રો તેમજ ધાર્મિક વિધિમાં અતિ આસ્થા અને શ્રદ્ધા છે અને તેઓ જે પણ ધાર્મિક વિધિ કરે છે તે પણ વેદાદિ શાસ્ત્રોમાં કહેલું છે તેથી કરે છે એવું તેઓ માનતા હતા પરન્તુ વાસ્તવમાં તેવો વેદાદિ શાસ્ત્રોના કહેવાના તાત્પર્યને બરાબર સમજ્યા ન હતા અને જે વેદાદિ શાસ્ત્રોને સમજાવનારા હતા તેઓ પણ પોતાને અનુકુળ અર્થઘટન કરીને લોકોને કહેવા લાગ્યા અને પોતાનું કામ કરાવા લાગ્યા.

તેથી ભગવાન બુદ્ધે વેદ અને વૈદિક ગ્રન્થોની વાત ન કરતા માત્ર સાચી માનવતાના ગુણો જીવ પ્રાણી પ્રત્યે દયા, કરુણા, પ્રેમ અહિંસા, અપરિગ્રહ, જેવા સદ્ગુણો શિખવવાનું શરૂ કર્યું. તેમણે સમગ્ર પ્રદેશોમાં ભ્રમણ કરીને વિચાર્યું કે જો લોકોમાં વેદાદિશાસ્ત્રના નામે પાપાચાર, યજ્ઞ, પૂજાદિકના નામે હિંસા, યજ્ઞપ્રસાદના નામે માંસ ભક્ષણ, દેવતાઓના પ્રસાદના નામે સુરા-મદ્યપાન જેવી વેદના નામે ચાલી રહેલ વિકૃત વિધિઓને દૂર કરવા માટે લોકોના જીવનમાંથી વેદ અને વૈદિક સાહિત્યને થોડા સમય માટે દૂર રાખવા જરૂરી છે. લોકમાં કહેવત છે કે - न रहेगा बांस और न रहेगी बांसुरी । ના ન્યાયે ભગવાન બુદ્ધે વિચાર્યું કે લોકોમાં વેદાદિ શાસ્ત્રો પ્રત્યે અતિશ્રદ્ધા છે પરન્તુ તે અંધશ્રદ્ધામાં પરિણમી ગઇ છે તેથી અંધશ્રદ્ધાને દૂર કરવા માટે લોકોના મનમાંથી વેદને થોડા સમય માટે દૂર કરવા જરૂરી છે. વેદ પ્રત્યે શ્રદ્ધા ઓછી થશે તો જ વેદના નામે થતી વિકૃત પ્રવૃત્તિ ઓછી કરી શકાશે.

(ભગવાને બુદ્ધે ક્યારેય પણ વેદની નીંદા નથી કરી અને ન તો વેદને ક્યારેય ખોટા કયા છે.) ભગવાન બુદ્ધે વૈદિક શાસ્ત્રોને પ્રાધાન્યતા ન આપીને માત્ર માનવતા કેળવવાની વાત કરી અને કહ્યુ કે - પરંપરાગત ચાલ્યા આવતા રીવાજોને સમજ્યા વિના તેની વૈજ્ઞાનિકતાને સમજ્યા વિના, તેનો સાચો અર્થ, તેનો સાચો ઉદ્દેશ સમજ્યા વિના સ્વમનોકલ્પિત સ્વીકારી લેવો નહી પરન્તુ દરેક ધાર્મિક રીત-રીવાજોમાં સારો ઉદ્દેશ રહેલો છે તેને સમજીને સ્વીકારવા અને તેને અનુષ્ઠાનમાં લેવાની વાત કરી અર્થાત્ કોઇ પણ ધાર્મિક વિધિ સમજ્યા વિના કરવી નહી. એવું ક્યારે બને કે જ્યારે જીવનમાં જ્ઞાનનું - સમજણનું પ્રાધાન્ય હોય. તેથી ભગવાન બુદ્ધે જ્ઞાનનું પ્રાધાન્ય બતાવીને લોકોને બુદ્ધિજીવી બનાવ્યા તેથી ધર્મના નામે કેટલાક કૂરીવાજો, અંધશ્રદ્ધા, પશુબલિ, યજ્ઞપ્રસાદ રૂપે માંસભક્ષણ, જેવી માન્યાતાઓ લોકોના જીવનમાંથી ઓછી થઇ અને લોકો જીવપ્રાણી પ્રત્યે દયા, પ્રેમ, કરુણા પરસ્પર સૌહાર્દથી જીવવા લાગ્યા અને બૌદ્ધિક રીતે સમૃદ્ધ થયા.

પરન્તુ કહેવાય છે કે - કોઇ પણ સારી ભાવના, સાચુ જ્ઞાન, કે સારાં કાર્યો લાંબા સમય સુધી એવાંને એવાં અર્થાત્ યથાવત રહેતાં નથી. સમય જતાં અતત્વ મિશ્રણ થઇ જાય છે અથવા તેનો દૂરૂપયોગ થવા લાગે છે. આ કહેવત અનુસાર બુદ્ધ ભગવાને આપેલ - આત્મા પરમાત્માનું જ્ઞાન પણ તર્ક - વિતર્ક અને વિતન્ડા વાદમાં પરિળ્મ્યો. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ વિનાનું શુષ્કજ્ઞાન અર્થાત્ શુન્યવાદ લોકોમાં વહેતો થયો, તેથી વૈદિક શાસ્ત્રીય વિધિઓ વિલકુલ બંધ થયા. આવી શુન્યવિચારધારા બારસો વર્ષ સુધી સમગ્ર ભારતભરમાં ફેલાતી રહી. આવા શૂન્યવાદને દૂર કરવા અને પુનઃ વૈદિક યજ્ઞાદિક પ્રક્રિયાઓ, વૈદિક આચાર-વિચાર, વૈદિક ધર્મ સ્થાપવા માટે દિવ્યવિભૂતી શ્રીશંકરાચાર્ય પૃથ્વી પર અવતર્યા અને તેમણે પુનઃ વૈદિક શસ્ત્રોનું જ્ઞાન ફેલાવ્યું. તેમાં ખાસ કરીને ઉપનિષદ્, ભગવાન વેદવ્યાસ રચિત બ્રહ્મસૂત્ર અને ભગવાન શ્રીકૃષ્ણોદિત ભગવદ્ગીતા જેવા વેદોપબૃહ્મણ ગ્રન્થો ઉપર ભાષ્યો લખીને લોકોમાં સાચો વૈદિક ધર્મ ફેલાવ્યો.


**ક્રમશઃ**

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૨૧

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી





(જે વૈદિક સિદ્ધાન્ત આધારે આ ઉદ્ધવ સંપ્રદાય સ્થપાયેલ છે અને ને આજે વિશ્વભરમાં જે સંપ્રદાય ફેલાયેલો છે, જેમાં હજારોની સંખ્યામાં સંતો તથા લાખોની સંખ્યામાં ભક્તો વૈદિક ધર્મનું પાલન કરીને આધ્યાત્મિક માર્ગે ચાલી રહ્યા છે એવા વેદ પછી પ્રસ્થાનત્રયી ગ્રન્થમાં ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર તેમજ ભગવદ્ગીતા આવે છે. તેમાં પ્રથમ ઉપનિષદ્ છે. હવેપછીના લેખમાળામાં ક્રમશ સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી દ્વારા રચિત ઉપનિષદ્ પર 'ઉપનિષદ્ભાષ્યમ્' તેમજ ભગવદ્ગીતા પર 'ગીતાભાષ્યમ્' - તથા સદ્ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી રચિત બ્રહ્મસૂત્ર પર 'બ્રહ્મમીમાંસા.' આ ત્રણે ગ્રન્થો સહિત તેમનાં ભાષ્યો સાથે ક્રમશઃ પરિચય આપવામાં આવશે. સૌ પ્રથમ શ્રીગોપાળાનંદ સ્વામી રચિત ઉપનિષદ્ સહિત ભાષ્યોનો ક્રમશઃ પરિચય શરૂ થઇ રહ્યો છે.)

(ઉપનિષદ્ ગ્રન્થોનો પરિચય આપતાં પહેલાં જે ગ્રન્થોના આધારે શ્રી ઉદ્ધવ સંપ્રદાયને વૈદિક સંપ્રદાય અને શ્રીજી મહારાજને તેમજ તેમનાં સદ્ગુરુ સંતોને વૈધિક ધર્મના ધારક તરીકે વિદ્વત્સમાજમાં પ્રામાણ્યતા મળી છે એવા પ્રસ્થાનત્રયી ગ્રન્થોનો પરીચય જાણવાથી ઉપનિષદ્ની મહાનતા સમજવામાં અતિ સરલતા રહેશે. કારણ કે પ્રસ્થાનત્રયી ગ્રન્થોમાં ઉપનિષદોનું પ્રમુખ સ્થાન છે.

દ્વાપર યુગના અન્તે અને કળિયુગના પ્રારંભમાં વૈદિક ધર્મની સ્થાપના અને તેની રક્ષા કરવા માટે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ રૂપે પધાર્યા હતા. શ્રીકૃષ્ણની સાથે ભિષ્મ, વિદુર, પાંડવો જેવા અનેક મહાપુરુષો પણ હતા અને મહાભારત જેવા યુદ્ધ દ્વારા અસુરવૃત્તિ વાળા અસુરાંસોનો નાસ કરીને વૈદિક સનાતન ધર્મની સ્થાપના કરી. આ ધર્મની સદાય પરંપરા ચાલતી રહે અને ભક્તો સુખેથી ધર્મનું પાલન કરી પ્રભુપરાયણ થાય તેવા હેતુથી ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજી તેમજ પરીક્ષિત જેવા ધાર્મિક રાજાઓને ધર્મની જવાબદારી આપતા ગયા. રાજાઓએ યથાશક્તિ ધર્મનું રક્ષણ કર્યુ. તેવી રીતે તે તે સમયે અનેક ભક્તો - આચાર્યો, આલવારો અવતર્યા અને તેમને પણ વૈદિક ધર્મની રક્ષા કરી. પરન્તુ કળિયુગના પ્રારંભમાં ધર્મની સ્થાપના પછી જેમ જેમ સમય આગળ વધતો ગયો લોકોમાં ધર્મની માન્યતાઓમાં રૂઢતા આવવા લાગી અને સાચા વૈદિક સનાતન ધર્મની પરંપરાનું રુપાન્તર થવા લાગ્યું. ધર્મના નામે ધીમે ધીમે સદાચારમાં દૂરાચાર, પુણ્યાચારમાં પાપાચાર, સત્યમાં અસત્ય, ધર્મમાં અધર્મ, અહિંસામાં હિંસા, પરોપકારમાં સ્વાર્થભાવ, દયામાં નિર્દયતા, જ્ઞાનમાં આજ્ઞાનતા જેવાં દૂષણો અને ખોટી માન્યાતાઓને લોકો ધર્મ માનવા લાગ્યા. ધર્મગુરુઓ સ્વાર્થભાવથી ધર્મની વ્યાખ્યા કરવા લાગ્યા. તેથી સાચુ વૈદિક ધર્માનુષ્ઠાન ઘટ્યું અને ધર્મના નામે રૂઢતા વધવા લાગી તેના કારણે લોકોમાં કરુણા, પ્રેમ, દયા, માનવતા જેવા સદ્ગુણો ઓછા અને પરસ્પર ધર્મના નામે વૈમનસ્ય વધારે થવા લાગ્યું. ભગવાન શ્રીકૃષ્ણ આ લોકમાંથી અન્તર્ધાન થતાં પહેલાં ગીતોપદેશમાં 'यदा यदा हि धर्मस्य' પૃથ્વી પરના લોકોને વચન આપ્યું છે અને જવાબદારી પણ સ્વીકારી છે. આ વચનને અનુસારે આ પૃથ્વીપર ભગવાન યોગ્યસમયે અવતાર લેતા હોય છે.

કળિયુગના પ્રારંભમાં તો સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે વૈદિક ધર્મની સ્થાપના કરી હતી. તેનો પ્રભાવ અમુક વર્ષો સુધી રહ્યો. પરન્તુ જેમ જેમ કળિયુગ સમય આગળ વધતો ગયો તેમ તેમ રાજાઓમાં તેમજ પ્રજાઓમાં સાચો વૈદિક ધર્મ ઘટ્યો. ધર્મ તો રહ્યો પણ શુદ્ધ ધર્મ ન રહ્યો તેથી વેદના નામે, ધર્મના નામે,

# તંત્રીની કલમે

આજે સમાજના એક(મોટા) વર્ગની ફરિયાદ છે કે આજની યુવાપેઢી સ્વચ્છંદી બનતી જાય છે. ( સાચું તો એ છે કે પોતાની સમજ મુજબ સ્વતંત્ર રીતે વિચારતી અને વિચરતી થઇ છે), તેમાં વિનય, વિવેક, નીતિમત્તા નો તેમજ ધર્મ, સંત, ગુરુ કે વડીલો પ્રત્યેના આદરભાવનો અભાવ જોવા મળે છે. આ બાબતો સંસ્કારો પર અવલંબે છે તેથી વડીલોને એ પૂછવાની ઇચ્છા થાય છે કે સંતાનોમાં પરંપરાગત સંસ્કારો જળવાઇ રહે તે માટે તમે કેટલા જાગૃત છો ? સંતાનો ધર્મનિષ્ઠ બને અને ઇશ્વરમાં શ્રધ્ધા ધરાવે એવું વાતાવરણ તમે પૂરું પાડયું છે ? આજે કેટલા ઘરમાં સવાર-સાંજ પ્રાર્થના, સ્તુતિ, આરતી થાય છે ? ઠાકોરજીને થાળ ધરાવીને પછી જ જમવું એ પ્રથા જળવાઇ છે ? સાંજે કે રાત્રે કુટુંબના તમામ સભ્યો સાથે બેસીને સત્સંગ કથા-ચેષ્ટા કરે છે ? એક બીજાના ખબર અંતર પૂછે છે ? સ્નેહભર્યો વાર્તાલાપ થાય છે ? સમસ્યાઓના સમાધાન માટે ચર્ચા થાય છે ? વ્યસનોથી દૂર રહેવાના પાઠો ઘરમાં શીખવવામાં આવે છે ? ધર્મ અને ભકિતના માર્ગે ચાલવાનો આગ્રહ રખાય છે ? લસણ ડુંગળી ઘરમાં ખવાય છે ? એકાદશી જેવા વ્રતો કેટલા લોકો રાખે છે ? તમે જ  તમારા અંતરાત્માને આ પ્રશ્નો પૂછો અને પછી જે જવાબ મળે તેના આધારે નકકી કરો કે યુવા પેઢી માટે જે ફરિયાદ છે તેના માટે કોણા જવાબદાર છે?

જે સત્સંગી પરિવાર શ્રી સહજાનંદ  સ્વામીએ વચનામૃતમાં કહેલા વચનોને આત્મસાત્ કરી જીવન જીવવાની  જડીબુટ્ટી સમાન શિક્ષાપત્રીમાં અપાયેલી આજ્ઞાઓને અનુસરીને જીવન જીવે છે તે પરિવારની યુવાપેઢી માટે આવી ફરિયાદ કરવાનો અવસર જ નહીં આવે.

સદાચારી સમાજના ધર્મ અને સુસંસ્કાર આધાર સ્તંભ છે. અ.નિ.મહંત સ.ગુ.સ્વામીએ હરિસ્વરૂપદાસજીએ શરૂ કરેલ કચ્છ શ્રી નરનારાયણદેવ  યુવક મંડળની દશાબ્દી નિમિતે ભુજ મધ્યે ત્રિદિવસીય (નિવાસી શિબિર)નું આયોજન સંપન્ન થયું. યુવા વર્ગમાં ધાર્મિકતા, નૈતિકતા, પ્રામાણિકતા, સંસ્કારિતા, કર્તવ્યપરાયણતા જેવા સદ્ગુણોના સંવર્ધન માટે (પ્રશિક્ષણ શિબિર) દ્વારા સંપ્રદાયના તત્ત્વજ્ઞ અને દીર્ઘદષ્ટા વિદ્વાન સંતોએ હાથ ધરેલી આ વિરલ પ્રવૃત્તિ દ્વારા વર્તનમાં વિવેક, વાણીના વિનય, વ્યવહારમાં વિનમ્રતા, વિચારોમાં પરિપકવતા, કર્તવ્યપાલનમાં તત્પરતા જેવા સંસ્કારોથી સજજ રાષ્ટ્રપ્રેમી, ધર્મપ્રેમી અને ચારિત્ર્ય સંપન્ન યુવાવર્ગને તૈયાર કરી વ્યસનમુકત સુદઢ સમાજની રચના માટે મહત્ત્વપૂર્ણ યોગદાન પ્રદાન કર્યું છે. યુવકોને ધર્મનો સાચો અર્થ સમજાવ્યો છે. ધર્મપરાયણ જીવન જીવવાનો બોધ આપ્યો છે, ઇશ્વર પર શ્રધ્ધા રાખવાનું શીખવ્યું છે.

ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને અંદર જીવનમાં રહેલા ખાલીપાની ખુશીઓ ભરી દે છે. જીવનમાં કદાચ પરમાત્માના સાક્ષાત્ દર્શન થાય કે ન થાય પણ પરમાત્માએ જે સુંદર સૃષ્ટિનું સર્જન કર્યુ છે. તેમાં સુસંસ્કારોના સથવારે માનવતાવાદી માનવ બનીને જીવશું તો જીવનમાં સુખ,શાંતિ,સંતોષ અને પ્રસન્નતા વ્યાપી જશે અને સાચી પ્રસન્નતા એજ ઇશ્વર દર્શન છે, કારણ કે પરમાત્માએ જીવન પ્રસન્નતાપૂર્વક જીવવા માટે પ્રદાન કર્યુ છે. (મન પ્રસાદે પરમાત્માદર્શનમ્)

તો ચાલો આજ થી જ રાગ,દ્વેષ, ઇર્ષ્યા, અહંકાર જેવા દુ:ખોના કારણોને ખંખેરી પ્રસન્નતાના પથ પર પગલાં પાડવાનો પ્રારંભ કરીએ. વડીલો અને સંતોની આજ્ઞાઓને શિરોધાર્ય કરી તેઓને પ્રસન્ન કરી આપણે પણ પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવાનો દિવસ છે. (ગુરુપૂર્ણિમા) આ અનન્ય દિવસે ગુરુવંદના સાથે ગુરુના ચરણોમાં અંતરની ભાવનાના પ્રતીક સ્વરૂપે ગુરુદક્ષિણા અર્પણ કરી, તેમની ચરણરજ શિરે ચડાવી ગુરુને પ્રસન્ન કરી પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. હિંડોળાના દિવસો પણ આવી પહોંચ્યા છે. હેતનો હિંડોળો બનાવી શ્રી ઘનશ્યામ મહારાજને હૈયામાં ઝુલાવીને પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. જય શ્રી સ્વામિનારાયણ !

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ૭

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૭ -જુલાઈ – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૧

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org





















(૧-૫) રોહા સુખપર પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવની આછી ઝલક

(૬) નાઈરોબી સ્વામિનારાયણ તાબાનું નૂતન મંદિરમાં સેવા આપતા ભક્તો

(૭-૧૦) પ્રસાદી મંદિર ભુજ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે જ્ઞાનયજ્ઞ, અન્નકૂટ દર્શન તથા અભિષેક

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુલાઈ ૨૦૧૩

રૂા. ૫/૦૦

## શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દશાબ્દી પ્રશિક્ષણ શિબિર, ભુજ





## કપરા કચ્છ દુષ્કાળમાં ગાયોની સેવામાં ભુજ મંદિર તરફથી ગૌ સેવામાં વ્યસ્ત સંતો-ભક્તો



